

જ્ઞાતિ સમાજ સુધારો, વ્હાલા સ્વરાજ વાંછો; જાગ્યા સજો તે ટાણે, કર્યા જ્ઞાનની અગાડી:
પંચની પટલાઈ, કુકર્મની તજ ગાડી, સ્વજન સ્વરાજ પ્યારી, બુદ્ધિ તજો અગાડી.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય

[ગુજરાતી કૉપીરાઇટ વિભાગ]

અનુક્રમાંક ૮-૦૫૭ વર્ગાંક

પુસ્તકનું નામ રાતિર ભા ૪

વિષય ૮૩૫૯૨:૩

જ્ઞાતિ સમાજ

અથવા

સ્વરાજ.

લેખક:—રેવાશંકર નાગેશ્વર અધ્યાપક.

પ્રકાશક:—

સનાતન ધર્મોપદેશક, વ્યાખ્યાનદાતા.

રેવાશંકર નાગેશ્વર અધ્યાપક,

"હરિદાસ વિશારદ" અને "કીર્તનભૂષણ"

ઠે૦ વેજલપોર, મુ૦ ભરૂચ.

ત્રતીય દર્શન પ્રત ૧૦૦૦.

સં૦ ૧૯૭૬.] [સં. ૧૯૨૦.

મૂલ્ય રૂ. ૦—૬—૦

શ્રીકૃષ્ણ પ્રેસમાં રતિલાલ હરજીવન પટેલે છાપ્યું,

નં. ૯, અનંતવાડી મુંબઇ, ૨.

૭૦૪૯
૫૯૨:૯
ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ

ધર્મ, દેશ, [illegible] સંબંધી પોતાની ઉન્નતિને અર્થે નીચેના ઉપયોગી પુસ્તકો ખરીદી તમારા ઘરમાં રાખો, મિત્રોને વંચાવો અને તમે વાંચો.

કેસરી ભાગ ૧ લો—ધર્મ ભક્તિ જ્ઞાન અને સમાજને નવું જીવન દેનારી નવલ કથા આવૃત્તિ બીજી રૂ. ૨– ૦–૦

કેસરી ભાગ ૨ જો—વર્ણાશ્રમ, પતિભક્તિ, એક પત્ની વ્રત, સત્ય ધર્મનું રસીકતાપૂર્વક પ્રતિપાદન કરનારી નવલ કથા આવૃત્તિ બીજી રૂ. ૨– ૦–૦

સ્વર્ગનો સાથી— ભક્તિ, જ્ઞાનનાં, વ્યાખ્યાનોનો ભંડાર આવૃત્તિ બીજી રૂ. ૨– ૦–૦

સુધરેલો સંસાર— વીસમી સદીને ઉપયોગી નવલકથા રૂ. ૧– ૦–૦

મોક્ષ મંદિર— વેદાંતનાં રમુજી દ્રષ્ટાંતો સહ રૂ. ૧– ૦–૦

સ્વરાજ સિદ્ધી— આવૃત્તિ ત્રીજી રૂ. ૦– ૮–૦

ભારતભક્ષક રાક્ષસ—બાળલગ્ન, અને વૃદ્ધલગ્ન નિષેધ આવૃત્તિ બીજી રૂ. ૦– ૬–૦

જ્ઞાતિસમાજ-સ્વરાજ્ય—પ્રત્યેક જ્ઞાતિને મનન કરવા યોગ્ય આ. બીજી રૂ. ૦– ૬–૦

ભજનમાલા— ઉપયોગી ભજનોનો ભંડાર રૂ. ૦– ૩–૦

ભજનામૃત— ઉપયોગી જ્ઞાન માર્ગનાં ભજનો છઠ્ઠી આવૃત્તિ રૂ. ૦– ૨–૦

ઉપદેશ મંજરી— સ્ત્રીઓને ખાસ ઉપયોગી આવૃત્તિ બીજી રૂ. ૦– ૧–૬

માંસભક્ષી મહાત્મા—કન્યાવિક્રય નિષેધ જમાનાને ઉપયોગી આવૃત્તિ બીજી રૂ. ૦– ૧–૬

શુકરંભા સંવાદ— શૃંગાર અને વૈરાગની સાઠમારી રૂ. ૦– ૧–૦

ઉપદેશમાલા— બાળકો અને સ્ત્રી પુરૂષોને ઉપયોગી આ. બીજી રૂ. ૦– ૧–૦

વૈશ્યસંધ્યા— વૈશ્યાદિને ઉપયોગી રૂ. ૦– ૧–૦



અ. સૌ. શ્રીમતી તનમન ગૌરી
શ્રીયુત સોમશંકર ગણપતિશંકરનાં ધર્મપત્ની, મુંબાઈ.

मनोरंजन प्रेस मुंबई

અ. સૌ. સદ્‌ગુણાલંકૃત, પતિભક્તિ પરાયણ
શ્રીમતી તનમનગૌરી સદ્‌ગુણસંપન્ન, પરોપકારમતિ,
ધર્મનિષ્ઠ શ્રીયુત સોમશંકર ગણપતીશંકર મહેતાજીનાં ધર્મપત્ની.
મુંબઈ.

भर्ता देवो गुरुर्भर्ता धर्मतीर्थव्रतानि च ॥
तस्मात्सर्वं परित्यज्य, पतिमेकं समर्चयेत् ॥

સ્ત્રીઓને પતી એજ દેવ, ગુરૂ, ધર્મ તીર્થ અને વૃતછે તેથી અન્ય સર્વ ત્યજી એક પતીનુંજ પૂજન કરવુ.

છે પ્રાણનાથ, પરમેશ સદાય જેને, સેવ્યા કરે પરમ
પ્રેમે નિત્ય તેને,
આજ્ઞા વહે પ્રણયથી નિજ ધર્મ જાણી, તેણે કર્યું
સફલ જીવન તેજ શાણી.

પતિ સેવા અને ભકિત એ સાધ્વી સ્ત્રીઓનું સર્વોત્તમ કર્મ છે. અને શ્રીમતી તનમન ગૌરી તે પૂર્ણ રીતે બજાવી રહ્યાંછે. શ્રીમતીનો જન્મ સંવત ૧૯૫૮ ના અષાઢ સુદ દશમને રોજ કાઠીયાવાડમાં રાજકોટમાં એમના સ્વ. દાદાજી શુકલ ગંગાધર શિવનારાયણને ત્યાં થયો હતો એઓ ત્યાં કામદાર હતા શ્રીમતીનાં દાદીમા-ગંગાસ્વરૂપ ઉમીયાલક્ષ્મી પવિત્ર ઉદાર સ્વભાવનાં અને શ્રીમતીપર તેમનો સંપુર્ણ પ્યાર અદ્યાપિ કાયમછે.

શ્રીમતીના પિતાજી બાળકૃષ્ણ હરગોવિંદ તથા એમનાં પવિત્ર માતાજી અ. સૌ. સુંદર લક્ષ્મીના દેવી સંસ્કારો શ્રીમતીમાં ઉતર્યાછે શ્રીમતીનાં દાદીમા અને દાદાજી શ્રીમતીને દેવીરૂપ, લક્ષ્મી સ્વરૂપ માનતા એમનાં શુભ પગલાંથી સર્વને સુખદર્શન થવા લાગ્યાં યોગ્ય ઉમરે શ્રીમતીના વિવાહની ચિંતા દાદી તથા માતાપિતાને ઉત્પન્ન થઇ અને એક વ્હાલી લાડકી પુત્રીની કાળજી રાખી તેમણે સ્વજ્ઞાતિમાં ઉચ્ચગુણ કુળ ધરાવતા શ્રી સોમશંકરજીને પસંદ કરી સંવત ૧૯૬૯ માં વિધિ પુર્વક લગ્ન કરી દીધું લગ્ન પહેલાં શ્રીમતીનો ગુજરાતી પાંચ છ ચોપડીનો તથા ગીતા, પાઠ સ્તોત્ર વાંચવા જેટલો સંસ્કૃત અભ્યાસ પણ થઇ ગયો હતો

પ્રિય પાઠક? આ પુસ્તકની બીજી આવૃતીમાં અગ્રપૃષ્ટો વાંચવાથી શ્રીમતીના પવિત્ર, ઉદાર પતિ કે જેઓ ધર્મ સાથે વેદાંતનું ઉંચુ જ્ઞાન ધરાવનાર છે. તેમનું આપને પરીપુર્ણ ઓળખાણ થશે સોનામાં જેમ સુગંધ મળે તેમ, પતિ પત્નીનો સંબંધ સુખરૂપ નિવડયો

સખીયો તણા જે સાથમાં, નવરી થઇ નાચે નહીં,
સંપત્તિના સુખભોગમાં, મનમાં જરા રાચે નહી,
વ્રત નિયમ પાળી નાથને જે સર્વ સુખ દેનાર છે,
તે નારીનો સંસારમાં, સુખ રૂપ આ અવતાર છે.

સં. ૧૯૭૪ ના કારતક સુદ બીજને દીવસે અ. સૌ. શ્રીમતી તનમન ગૌરીને મુંબઇમાં કાંદાવાડીમાં એક કન્યા

રત્નની પ્રાપ્તી થઇ જેનું નામ ઇંદ્રમણિ રાખવામાં આવ્યું હતું, કિંતુ નિર્દય કાળે આ લાડકડા રત્નને સં. ૧૯૭૫ ના પોષ સુદ પુનમને રોજ નાશિક ક્ષેત્રમાં હરિ લીધું.

પવિત્ર પ્રાણી હોયતે, પવિત્ર ગૃહમાં આવીને
સુખના ઝુલાપર ઝુલીને શુધ્ધ પ્રેમ જ્યોત જગાવીદે.
સત્કર્મ ફળ પુરાં થયેથી, મોક્ષ માર્ગ વિચારીને.
જુદાં થતાં માતાપિતાને, કારી ઘા લગાવીને.

પશ્ચાત્ શ્રીમતીને સં. ૧૯૭૬ ના કારતક સુદ ૧૩ ને રોજ બીજી એક સુકન્યા મોતા ગામે ઉત્પન્ન થઇ. જેનું નામ ચંદ્રકાન્તા રાખવામાં આવ્યું હતું સ્વ બહેન ચંદ્રકાન્તાને મેં પ્રથમ જોઇ ત્યારે તેની ઉમર સાતેક માસની હતી તેનું હસતું ચંદ્રવદન જોવાને હું પોતે તથા આખા માળાનાં સઘળાં આતુર રહેતાં હતાં અમારી શાંતિ ચંદ્રકાન્તાની બહેનપણી બની ગઇ હતી અને એ મનહર બાલિકા સાથે તે આખો વખત ખેલ્યા કરતી એક પવિત્ર માતાના ખોળામાં રહેલા પવિત્ર રત્નની પહોળા મુખવાળી ટગર ટગર જોતી છબીને તમે પ્રથમ પૃષ્ટપર જોઇ લેજો બાલ્યાવસ્થામાં શ્રી કૃષ્ણચંદ્રે યશોદાજીને મુખદર્શનમાં બ્રહ્માંડ દર્શન કરાવ્યું હતું, તદ્વત્ દૈવી ગુણધારક સ્વ. બહેન ચંદ્રકાન્તા પોતાની વ્હાલી માતાને પવિત્ર માતાને અને ધર્મ

સ્વરૂપ ઉદાર પિતાને મુખ પહોળું કરી જાણે માયા દર્શન કરાવતી હોય તેવો રમ્ય દેખાવ રજુ થયેલોછે.

ક્રુરકાળ સજ્જનોને, ધર્મનિષ્ઠોને અને પરોપકારની પ્રતિમારૂપ સ્ત્રી પુરૂષોને દુઃખરૂપ અગ્નિમાં તાવી નાખેછે અને તેમાં પાસ થનારનેજ છેવટનાં અખંડ નિર્દોષ સુખો અર્પણ કરેછે. એમ આ નાજુક હસતુ રમતુ, રમકડું રત્ન લુંટી લેવાની પાછી નિર્દય કાળે કોશિષ કરી અને ચંદ્રકાન્તાને વ્યાધિવશ બનાવી દીધી સારામાં સારા વૈદ્ય ડાકટરોની સંપુર્ણ મદદ લીધા છતાં પણ ક્રુરકાળે અમને હસાવનારી, માતાપિતાને આનંદ આપનારી, શાંતિની સાથે પ્રેમથી સુનીવ્રતપણે રમનારી અને ગૃહની શોભારૂપ ચંદ્રકાન્તાને સં. ૧૯૭૬ ના આસો સુદ ૭ ને મંગળવારે હરિ લઇ સઘળાંને રડતા હૃદયવાળાં બનાવી દીધાં એટલે વ્હાલાં માતાપિતાને અને ઈતર સ્નેહીઓને રડતાં મુકી સ્વર્ગ ગમન કર્યું.

ઉચ્ચ કુલના, ખાનદાન કુટુંબના સદાચારી મુનીમ ઠક્કર ગોકુલદાસ રામજી કે જેઓ ઘણા વખતથી નોકરી બજાવી રહ્યાછે સ્વ બહેન ચંદ્રકાન્તાનો આ વ્હાલા મામા ઉપર અત્યંત પ્યાર હતો ભાઇ ગોકુલદાસ કુલીન અને વિવેકી હોવાથી આ પવિત્ર કુટુંબમાં સઘળાં તેમને માનથી ચ્હાયછે અમારી ચિ. શાંતિતો આખો દિવસ ગોકુલદાસનાં ગીત ગાયછે અને સઘળાંઓ સાથે ભાઇ ગોકુલદાસ અતિ

નમ્રતા વિવેકથી વરતેછે મને પોતાને આ ઉદાર ગૃહસ્થ માટે ઘણું સારૂં માનછે સ્વ ચંદ્રકાન્તા તેમનું નામ સાંભળતાંજ આંખ ફેરવતી મરણની છેલ્લી ઘડીએ પણ ગોકલદાસના નામપર તેનો તેટલોજ પ્રેમ હતો. સારા ઘરમાં સારા નોકરો મળવા એ પણ પ્રભુ કૃપાજ છે

ચતુર ચંદ્રકાન્તા ગઇ, અમને અહીં રડતાં કરી
વ્હાલી વ્હાલતું વ્હાલાં તણું શું વિસરી?
અલ્પ જીવનમાં અહીં તેં સ્નેહ બાજી સર કરી,
તુજ આત્મને શાંતિ મળો, કહીએ અમે સૌ કરગરી.

× × + + ×

ભુલીશના અમને જરૂર આ ગૃહ વિષે તું આવજે,
પુલ્લીંગને શોભાવિને, ટીકીટ લાંબી લાવજે,
તુજ રમકડાંને પારણું સુનાં પડયાં સંભાળજે;
એ વાસનાનો ધર્મછે એક વર્ષમાં બજાવજે.

શ્રીમતી ઉપર પોતાની વ્હાલી પુત્રીના વિયોગની ભારી અસર થઇ છતાં સ્વામી સેવા સત્કર્મ, પવિત્રતા પરોપકાર અને ઉચ્ચ વિચારોને શાંતિથી ટકાવી રાખ્યા છે

જે કુલમાં સ્રીથી પતિ અને પતિથી સ્રી સંતુષ્ટ રહેછે, તે કુળનું નિત્ય કલ્યાણજ થાયછે.

આવી પદે અતિથીઓ, સત્કાર તેનો થાયછે;
ધર્મ નીતિ જ્ઞાનમાં નિજ નાથને સહાય કરાય છે.
ક્રોધ કે ઉદાસી જેના મુખ પરે ન જણાય છે,
તનમનથી પતિ ભકિતને, તનમન ગૌરી ચહાય છે.

આ ઉપયોગી પુસ્તકની બીજી અને ત્રીજી આવૃત્તિ બહાર પાડવામાં સહજ વાત કરતાં આ પવિત્ર ઉદાર દેવી અ. સૌ શ્રીમતી તનમન ગૌરીએ પોતાના નાથને સંમતિ આપી છે તે માટે એ પતિ પત્નીને ધન્યવાદ આપીએ છીએ આ બન્ને આવૃત્તિનું સંપુર્ણ ખર્ચ એ ઉદારતાની પ્રતિમાઓ તરફથી આપવામાં આવ્યું છે આશા છે કે જન સમાજ આ પુસ્તકનો સારો ઉપયોગ કરશે અને તે સત્પુણ્યના બળથી આ પવિત્ર ગૃહસ્થની તથા તેમનાં ધર્મ પત્ની શ્રીમતીની મનેચ્છાઓ પરીપુર્ણ થાઓ અને અનેક પ્રજા જ્ઞાતિ હિતનાં કામો એમના ઉદાર હાથે થાઓ એ ઇચ્છી વિરમશું

સં ૧૯૭૬ આશ્વિન કૃષ્ણ એકાદશી મુંબાઈ

લેખક.
રેવાશંકર નાગેશ્વર અધ્યાપક.

પ્રત્યેક જ્ઞાતિના શુભેચ્છકોને સમર્પણ.

હરિગીત.

ઓ વીર! વિદ્વાનો હવે જ્ઞાતિ તરફ દ્રષ્ટિ કરો;
આળસ ત્યજી આ કામમાં વિદ્યા તમારી વાપરો.
વિદ્યા ભણી સુખીયા થઇને પેટ પોતાનું ભરે;
એ રંક જ્ઞાતિ કાજમાં ઉપયોગ એનો નવ કરે.
× + + × + ×
શાંતિ ન પામે ભાઇ એ વિદ્યા થકી શું સાર છે?
એ વ્યર્થ પંડીતાઇને, લાખો ઘણા ધિક્કાર છે.
ઓ વીર! વિદ્વાનો હવે તમ વૈભવ ઓછા કરો;
નીજ જ્ઞાતિને ઉદ્ધારવા, કુરબાન કાયાને કરો.
+ × + + + ×
ઓ યુવક જ્ઞાતિબંધુઓ! અહીં ખપ તમારો છે ખરો;
જ્ઞાતિ ઉદયના યજ્ઞમાં તન મન હવે અર્પણ કરો.
જંજાળ બીજી છોડીને ઝટ કમર બાંધી હવે તમે;
ઉદ્ધાર કરવા જ્ઞાતિનો યાહોમ કરજો આ સમે.

જ્ઞાતિના મદાંધ આગેવાનોને ત્રિદોષ નિવારણાર્થે ઉપયોગી ઔષધ.

રાજા રાણા, અકકડ શેના? વિસાત શી તમ રાજ્ય તણી?
કંઇ સત્તાપર કુદકા મારો લાખ કોટીના ભલે ધણી;
લાખતો મુઠી રાખ બરાબર કોડ છોડશે સરવાળે,
સત્તા સુકા ઘાસ બરાબર બળી આસપાસે બાળે.
ચક્રવર્તી મહારાજ ચાલીયા, કાળ ચક્રની ફેરીએ,
સગાં દીઠાં મેં શાહુ આલમનાં, ભીખ માગતાં શેરીએ...રાજા.

રામ કૃષ્ણ નરસિંહુ પરશુરામ, દશ અવતારે થયા અલોપ
વિક્રમ જેવા વીર રાજનો, ખમે કાળનો કેવો કોપ?
કયાં મહુમદ ગિઝની કયાં અકબર, રજપુત વીર શીવાજી કયાં?
રાજપાટનાં ધણી ધુરંધર, આજ યુદ્ધની બાજી કયાં?
રાજ મહેલમાં ઢોર ફરેને કબરતો કુતરે ઘેરીએ.......રાજા.

દીઠાં સ્મારક સ્થાન ઘણાંએ, કીર્તિ કોટ આકાશ અડયા;
ખરતાં ખરતાં પથ્થર બાકી, ચુના માટીએ જકડયા;
દિલ્હિ આગ્રા, કનોજ કાશી, ઉજ્જન ઉજ્વલતા ઝાંસી,
રૂમ શામને ઇરાન ઉજ્જડ રડે ગળામાં લઇ ફાંસી;
તવારીખનાં ચિન્હ ન કાંઇ જાણે બધી મશ્કેરીએ.......રાજા.

પ્રસ્તાવના.

આ નાનકડું પુસ્તક આધુનિક સ્થિતિ તરફ દ્રષ્ટિ કરી લખવામાં આવ્યું છે. આ વીસમી સદી, મનુષ્ય માત્રને નવિન જીવનરસ અર્પણ કરનારી છે. ગત સતકોમાં મનુષ્ય સમાજ ઉપર અંધકારે જે ઘેરો ઘાલ્યો હતો. અધુના મનુષ્યો પોતાના જ્ઞાનપ્રકાશ બળથી તેને હઠાવી આગળ વધી રહ્યાં છે. કાળના ફરતા ચક્રના આરા ઉપર પ્રાણી માત્ર છે. ઉન્નતિના શીખરપર બેઠેલું હિંદ અને તેમાં પવિત્ર મોંઘાં બાળકો આજે સ્વકર્મ–ધર્મથી ભ્રષ્ટ બની છેક નીચે પડી સોંઘાં સસ્તાં બની પ્રાણધારીઓના ચર્ણ તળે ખુંદાઇ રહ્યાં છે અન્ન વસ્ત્ર ઉદ્યોગ વિદ્યા, જ્ઞાન, અને ઉદયનાં સાધનો માટે ટળવળી રહ્યાં છે.

મનુષ્ય સ્વકર્મથીજ સ્વદશાની દડી સ્વહસ્તે ગુંથે છે. અને આશાની લાકડીથી તેને ઉછાળી સુખ પ્રાપ્ત કરવા ધારે છે. હિંદુસ્તાનનું જીવન ધર્મ પ્રાધાન્ય છે. એટલે ધર્મ હોય ત્યાંસુધી અધર્મ–કળીયુગ આવી શકતોજ નથી.

પુર્વના રાજાઓ ધર્મ માર્ગને અનુસરતા હતા, પ્રથમના હરિશ્ચંદ્ર અમરીશ તથા છેલ્લા થયેલા ભોજ અને વિક્રમ જેવા રાજાઓનાં ચરિત્રો તેમાં મજબુત પુરાવો આપે છે. ત્યારે પ્રજા પણ ધર્મનિષ્ઠજ હતી. **यथाराजा तथा प्रजा** એ ન્યાયથી હિંદની સુખરૂપી હોડી હં·

કારવામાં આવતી હતી. પ્રશ્ચાતકાળે કરીને હીંદની સત્તા મોગલ બાદશાહોના હાથમાં ગઇ ત્યારે તે જમાનાના બુદ્ધિશાળી, ડાહ્યા પુરૂષોએ બાદશાહી છત્રતળે પોતાનું જ્ઞાતિ સમાજ અથવા સ્વરાજ્ય તંત્ર એવું તો સુદ્રઢ બનાવ્યું હતું કે જેના ઉપર હજારો તલવારો ફરી ગઇ, સેંકડો ધર્મપ્રચારકોના શબ્દ ગોળા છુટ્યા લાખો લાલચો રૂપ આશાઓનાં તીક્ષ્ણ તીર છુટયાં છતાં આજે જ્ઞાતિ સમાજ સ્વરાજ્ય-જાગતું કાયમ રહ્યું છે. એ જમાનામાં જ્ઞાતિ સંબંધી, ધર્મ સંબંધી અને સામાન્ય ગૃહસ્થાશ્રમના ઝઘડાઓના નિકાલ એવાં જ્ઞાતિમંડળના આગેવાનોજ કરતા હતા. જેમાં વકીલ ફી, સ્ટાંપ, સમન્સ ખર્ચ અને ભથ્થાં ભાડાની કશી ખટપટ નહોતી. તે પછી તે જુદ્દો જમાનો ન્યાયના રૂપમા પલટાઇ ગયો અને ન્યાયી-દયાળુ અંગ્રેજ સરકારના હાથમાં હિંદની લગામ આવી, તેમાં પણ જ્ઞાતિ સમાજ અને ધર્મ સંસ્થાઓનું પુર્ણ રક્ષણ થયું એ પ્રત્યક્ષ છે. પરંતુ રાજા પ્રજાને ધર્મ જુદો હોવાથી હિંદી પ્રજાને ધર્મ માટે સ્વતંત્રતા મળી! તથા સદ્‌વિદ્યા અને ધર્મ નીતિની ચર્ચાઓ રાજદરબારે ચાલતી અટકી પડી-તેને ઉત્તેજન મળતું અટક્યું જેથી અધર્મની પ્રવૃત્તિ થઇ અધર્મ તરફ ચિત્ત લાગતાં તેમાં અનેક સાધનો મળી આવ્યાં એટલે જ્ઞાતિસમાજ-સ્વરાજ્ય ચલાવનારાઓનાં મન મલીન થયાં પલટાઇ ગયાં. જેને લઇને આજે સઘળી દુર્દશા જોવામાં આવે છે એજ જ્ઞાતિસમાજ=સ્વરાજ્યના આગેવાનો શેઠીઆઓ કે પટેલો જો ધારેતો પુર્વ સ્થિતિને સત્વર પ્રાપ્ત કરી શકે તેમ છે. અને પ્રત્યેક જ્ઞાતિનો થતો નાશ અટકી શકે.

અધુના સ્વરાજ્ય માટે સમસ્ત હિંદ હાથ લંબાવી રહ્યું છે. હિંદની પૂર્ણ શ્રદ્ધા છે કે તેનો પરંપરાનો હક્ક જરૂર તેને મળશે. અને તે લેશેજ? પરંતુ તે સાથે આપણા હાથમાં રહેલા જ્ઞાતિ સમાજરૂપ સ્વરાજ્ય સુધારણાર્થે પણ વિચાર ચલાવાની જરૂર છે. આ પુસ્તકમાં જ્ઞાતિસમાજ સ્વરાજ્ય ચલાવનારા મેમ્બરો—પટેલ સાહેબોને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરવમાં આવી છે આશા છે કે કરવામાં આવેલી નમ્ર સૂચનાઓ તેઓ સ્વિકારશે, સાથે એક બત્રીસ મણકાની માળા પણ તેઓશ્રીના કોમળ કંઠમાં અર્પણ કરવામાં આવી છે, તથા કેટલાએક જરૂરના નિયમો અને પદો તથા રસમય ચટણી પણ રજુ કરવામાં આવી છે. જેનો તેઓ ઉપયોગ કરશે.

જ્ઞાતિ સમાજનું નિત્ય ગીત.

આશાવરી ત્રીતાલ.

જગમાં સ્વર્ગ હમારો દેશ;

ભારતનું શુભ નામજ લેતાં ઉપજે પ્રેમ વિશેષ જગમાં.
નિર્મળ નીર વહે ગંગાનું, પીતાં જાય કલેશ,
દાતા કરણ સમાન થયા, ગુણ ગાય સહાય સુરેશ જગમાં.
હિમગિરી ઉપર રક્ષણ કરવા, નિશદિન રહે મહેશ;
દક્ષિણ દિશામાં સ્વર્ગભૂમીનું, રક્ષણ કરે રમેશ. જગમાં.
જન દુઃખ હરવા જગન્નાથ પુરીમાં, વસતા જગદીશ,
પશ્ચિમમાં મન મોહન મુર્તિ નંદ કુંવર રાધીકેશ. જગમાં.
જન સુખ માટે પરબ્રહ્મ પ્રગટયા જ્યાં અવધેશ,
ઓમકાર વર્ણે શું મહિમા, પાર ન પામે શેષ. જગમાં.

અશ્વિન શુકલ પુર્ણિમા.
માધવ બાગ-સં. ૧૯૭૬
મુંબઈ.

લેખક,
રેવાશંકર નાગેશ્વર, અધ્યાપક.

જ્ઞાતિના આગેવાનો.

रविश्चन्द्रो घना वृक्षा नदी गावश्च सज्जनाः ।
एते परोपकाराय युगे दैवेन निर्मिताः ॥

રવિ, ચંદ્ર, મેઘ વૃક્ષો, નદીઓ, ગાયો અને સજ્જનો દેવે એ સર્વને યુગને વિષે પરોપકારને માટેજ બનાવ્યાં છે.

એથી પરોપકાર કરવો એ મનુષ્ય જીવનની સર્વથી પ્રથમ ફરજ છે, પરોપકાર કરવાને શ્રી હરિએ દશ અવતાર લીધા ', પરોપકારાર્થે મહર્ષિ દધિચીએ પોતાના શરીરનાં અસ્થિ-હાડકાં ઇંદ્રને આપ્યાં હતાં, પરોપકારને માટે મયુરધ્વજે અરધું શરીર વહેરી આપ્યું હતું પરોપકારાર્થે હરિશ્ચંદ્ર નિચ ઘેર વેચાયો હતો, પરોપકાર કાજે, સગાળશાહે પોતાના પુત્રને ખાંડણીઆમાં ખાંડી નાખ્યો હતો, પરોપકારાર્થે શીબીરાજાએ પોતાના શરીરનું માંસ આપ્યું હતું અને પરોપકારને માટે ભગવાન શંકરે વિષપાન કર્યું હતું તે પરોપકાર કે જે જગત્તમાં સર્વોત્તમ સેવા મનાય છે જેનાથી સર્વ દેવો સહજ પ્રસન્ન થાય છે અને મોક્ષના દરવાજા વગર ચાવીએ ખુલી જાય છે. તેને જે મનુષ્ય ત્યજી દે છે. ઇશ્વર તે મનુષ્યને પણ ત્યજી દે છે.

પશુકી પનીયાં બનતહે, નરકા કછુ ન હોય:
જો નર કરણી કરે તો નારાયણ હોય.

પશુ જીવતાં ઉપકારજ કરે છે, અને મુવા પછી પણ પોતાનાં હાડકાં, ચામડાં, માંસ રૂધીર વિગેરે સર્વ મનુષ્યને ખાતર મુકી જાય છે. નર-મનુષ્યની કોઇ વસ્તુ ઉપયોગમાં આવતી નથી. પરંતુ મનુષ્ય જો પરોપકાર સુકરણી કરે તો જરૂર તે ઇશ્વર-નારાયણ સમ હોઇ શકે છે. અધુના દેશભક્તોનાં કીર્તનો કરાય છે, તેમના ઉપર પુષ્પ વૃષ્ટિ થાય છે, અને તેમની ગાડીના ઘોડા છોડી નાખી પ્રજા તે પ્રીતિ પૂર્વક ખેંચી જાય છે તથા લાખો રૂપીઆનો અને માણસોનો ભોગ અપાય છે એ અન્ય નહિ પણ તેમના પરોપકાર ધર્મનુંજ ફળ છે.

આપણે ત્યાં પ્રાચિન સમયથી એ પરોપકાર સાધવાની પ્રશંસા પાત્ર સત્તા જ્ઞાતિના આગેવાનોને આપવામાં આવેલી છે. બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય કે શુદ્ર ગમે તે જ્ઞાતિનો હોય તોપણ તેણે પોતાની જ્ઞાતિના બંધારણમાં રહેવુંજ જોઇએ. મનુષ્ય એક વખત સરકાર સત્તાનો અનાદર કરી શકે છે, પરંતુ જ્ઞાતિ સત્તાનો અનાદર કદી પણ થઇ શકતો નથી. અને જેઓ કરે છે તેઓને મોટી શિક્ષા ભોગવ્યા પછી પાછી તેજ હકુમત સ્વિકારવી પડે છે. જ્ઞાતિના પટેલો, શેઠો કે નાયકો ગમે તેને જ્ઞાતિ બહાર મુકી શકે છે, દંડ કરી શકે છે, અને એવીજ બીજા ગુનાહોના પ્રમાણમાં જુદી જુદી શિક્ષા કરી શકે છે.

સર્વ એકજ કુટુંબના હોવા છતાં એવા પટેલોને ગાદી તકીયા મળે છે. સર્વ એમની આજ્ઞાઓ પાળે છે. અને પુછી વાત કરે છે એ માન ઓછું છે શું?

આમ ઘણા લોકોનું હિત કરવાને સ્વતંત્ર સતાનો ઉપયોગ કરવાનો સુસમય થોડાજ ભાગ્યશાળી નરોને મળે છે. આપણા હિન્દના ચળકતા હીરા, પુરૂષ સિંહ પરોપકાર સંપન્ન અને હિંદી પ્રજાના સંરક્ષક સ્વર્ગસ્થ લો૦ મા૦ મહાત્મા તિલક, હિંદના સ્વ. દાદા દાદાભાઇ નવરોજજી સ્વ. ગોપાલ કૃષ્ણ ગોખલે અને સ્વ. પીરોજશાહ મ્હેતા વિ. પરાક્રમી પુરૂષોએ પોતાના પુરૂષાર્થનો સર્વ ઉપયોગ પરોપકારને માટેજ કર્યો છે. પોતાનાં સર્વસુખોને તિલાંજલી આપી, મોટાં માન ત્યજી ધન ત્યજી અને કેવળ પ્રજા સેવામાંજ જીવનની સમાપ્તિ કરી છે એ સર્વ કોઇને વિદિત છે.

તમેજ કહો મહાત્મા ગાંધીની સમાજ સેવા કેટલી ઉંચા પ્રકારની છે. તદ્વત્ આપણા જ્ઞાતિના આગેવાનો પોતાના સ્વલ્પ સુખ કે સ્વાર્થનો ત્યાગ કરે તો મિથ્યા મોટાઇ, પક્ષપાત અને લાંચ રૂશવત્ ને દૂર કરી દેતો ઘણું સારૂં કરી શકે એમ છે. જ્ઞાતિની ઉન્નતિ કરવા સાથે નવા પટેલો આગેવાનો, કે સ્વયંસેવકો બનાવી શકે, કે જે વૃદ્ધાવસ્થામાં પોતાનાં વાવેલાં વૃક્ષોને જલ સિંચન કરનાર છે.

કવાલી.

જ્ઞાતિ દેશના હીરા ને વીરા સ્વર્ગના મહેમાન,
પ્યારી માતૃ ભૂમિના પુંજારી થઇ રહો ગુણવાન. જ્ઞાતિ.
સત્તા જ્ઞાતિની સારી, સુદ્રઢ કરજો નીતિ વાળી;
કુચાલો સર્વને ટાળી, સુધારો સ્નેહથી સંતાન. જ્ઞાતિ.

અમર કીર્તિ વરો પ્રીતે જ્ઞાતિ ઉદ્ધારની રીતે;
ધરીને દાઝ નિજ ચિત્ત કરો નિજ જ્ઞાતિનું કલ્યાણ. જ્ઞાતિ.
ભણાવો બાળકો બાળાને, નિજના ધર્મ રૂપાળા;
બાળ, વૃદ્ધ, લગ્નના ચાળા, ટાળો વિક્રય તણું તોફાન. જ્ઞાતિ.
બની મોટા તમે ચાલો, તકીઆ ગાદીએ મહાલો;
છતાં ન હિત સંભાળો જગે જન્મ્યા જરૂર પાષાણ. જ્ઞાતિ.
તિલક, ગોખલે, ગાંધીએ, કીર્તિની ધ્વજા બાંધી,
અલી બિરાદરે સાંધીછે. આપી સ્વાર્થનું બળીદાન. જ્ઞાતિ.
એ સુધારે રાષ્ટ્રની વાડી, તમે હ્યો જ્ઞાતિ સંભાળી;
"રેવા" રડતી રહી માડી કરો તેનું તમે સન્માન. જ્ઞાતિ.

અધુના જ્ઞાતિની ઉન્નતિને અર્થે આવા અનેક પટેલોની જરૂર છે. કે જે જ્ઞાતિ સમાજરૂપ સ્વરાજ્ય સત્તાને દીપાવે. સેંકડો જ્ઞાતિઓના ઝઘડા કોરટોમાં જાય છે. લાખો રૂપીઆ ખરચાય છે અને મે. નાજર સાહેબને વહિવટ કરવો પડે છે.

એક જ્ઞાતિમાં બે ત્રણ ચાર તડ પડે છે. સગાવહાલાંમાં કલેશ ઘર કરે છે જેને પરીણામે કુસંપ—ઇર્ષા અને પડતી પોતાનાં બીછાનાં લઇ એવી જ્ઞાતિઓમાં મુકામ કરે છે. અને થોડે ઘણે દીવસે તે તે જ્ઞાતિસમાજનો નાશ કરી નાખે છે.

હિંદ હોમરૂલ લીગનો વિજયી વાવટો ફરકાવે છે. અને તે સંપૂર્ણ હક્ક સ્વલ્પ સમયમાં પ્રાપ્ત કરી લેશે. તે સાથે આપણે પ્રત્યેક જ્ઞાતિ સમાજે પણ સંપ કરી સ્વવ્યવહારોને ચોખ્ખા કરવા જરૂરના છે કારણ, જ્ઞાતિ સમાજમાંજ સ્વરાજ્ય સમાયલું છે.

પ્રિય જ્ઞાતિ બંધુઓ? જ્ઞાતિના આગેવાનો?? અને જ્ઞાતિના ભવિષ્યના રક્ષકો વિદ્યાર્થીઓ??? તમારા પોતાના, જગતના–દેશના અને પ્રાણીમાત્રના કલ્યાણુને માટે તમો સર્વ મિથ્યા મોટાઇ ત્યજી સ્નેહથી હળીમળી આ જ્ઞાતિ ઉદય કે જેમાં દેશોદયની પ્રતિમાં છૂપાઇ છે તે પવિત્ર યજ્ઞમાં યાહોમ કરી ઝંપલાવો અને સુખના વહેતા પવિત્ર શીતળ ઝરણાંથી સ્નાન કરી સુખી થાઓ.

સંસાર સમજરે શાણા—એ લય

મમત મુકીને આવો સ્નેહથી મળીએ;
આજે કે કાલે જાવું કામ રૂડાં કરીએરે....મમત૦

આંબો રોપે એક જણુ બીજા જન ફૂળ ખાય;
વાવનારના વંશમાં હિસ્સો વહેંચ્યો જાય.
પર ઉપકારતણા પંથે એ પળીએરે...મમત૦

તમને મોટા જે ગણે તેના સુખને કાજ;
તન મન ધનને સુખનાં ભલે ડુબતાં જહાજ.
સહીને સંકટ રૂડી કીર્તિને વરીએરે....મમત૦

ભલું કરતાં થાશે ભલું, ભુંડાથી ભલું દૂર;
મમત મોટાઈ ત્યજી આવો સહુ ધરી શૂર.
"રેવા" હરી કૃપાથકી ભવ ભય તરિએરે...મમત૦

જ્ઞાતિના આગેવાનોની જવાબદારી.

શ્વાન કથા.

શ્રી રામચંદ્રજીએ લંકાપર ચઢાઇ કરી રાવણાદિનો સંહાર કરી, દેવી-શાંતિ-સીતાને લાવ્યા પછી, લવકુશાદિ બાળકોને રાજતંત્ર સોંપ્યા પછી સ્વધામ જવા સમયે, સમસ્ત નગરનિવાસી પ્રાણીને બોલાવ્યા હતા. જ્યારે એક શ્વાન કે જેના માથામાં કીડા ખદબદી રહ્યા હતા આખું શરીર સળી ગયું હતું, દુર્ગંધવાળું રૂધીર વહી રહ્યું હતું-જે અસહ્ય દુ:ખથી શ્વાન વારંવાર શીર પટકી બરાડા પાડતું હતું, તેની આ ભયંકર સ્થિતિ જોઇ ત્રાસથી થર થર ધ્રુજતાં બ્રહ્મચારી લક્ષ્મણે જ્યેષ્ઠ ભ્રાતા શ્રી રઘુનાથજીને વિનયપૂર્વક પુછયું.

પ્રભો ! આ કયાં કુકર્મનું ફળ ભોગવાય છે ? કે જેને જોતાંજ મારૂં હૃદય ત્રાસથી ચીરાય છે, શ્રી રામે આ હકીકત શ્વાનને મહોડેથીજ કહેવડાવવા ધારી શ્વાનને પૂર્વાશ્રમનું જ્ઞાન આપ્યું. અને શ્વાનને તેનો પૂર્ણ ઇતિહાસ સંભળાવવાને સૂચના કરી. શ્રી રઘુનાથની આજ્ઞા થતાં તર્તજ શ્વાને પોતાની કહીણુ કથની શરૂ કરી.

શું કહું કથની મારી--એ લય.

જ્ઞાતિતણી સરદારી હાથ, ધારી કરી મેં ખ્વારી;
વિપરીત વૃત્તિ વિચારી આજ હાલત થઇ છે નઠારી...શું

જ્ઞાતિતણો સરદાર બની હું મસ્ત થયો મદ ધારી;
પ્રપંચબાજી જાળ બીછાવી, જ્ઞાતિને ગરદન મારી....હાલત.
કુધારાનો ભંડાર ભર્યો, નીતિની રીતિ વિસારી,
દશ પાંચ અંધને હાથ કરીને નાક રાખી તડ પાડી....હાલત.
લાંચ લઇને ન્યાય કર્યો મેં પક્ષપતિ દુરાચારી;
નિર્ધન નિર્બળ કદી ચડેકર, ઠેર નાખું તેને મારી....હાલત.
શ્વાનતણો આ દેહ મળ્યોને, વ્યાધિ રહ્યા મુખ ફાડી
મુજ હામાં હાજી કરનારા, કીટક દે દુઃખ દહાડી ...હાલત.
જ્ઞાતિહિત નવ હુંથી થયું મેં. જ્ઞાતિની બાજી બગાડી;
લક્ષ વિંછીની વેદના વેઠું, મને મોહન લ્યોને ઉગારી...હાલત.

શ્વાનની આ કથા સાંભળી બ્રહ્મચારી લક્ષ્મણજીના નેત્રોમાંથી અશ્રુ વહ્યાં, તે બોલી ઉઠયા, અરેરે ! જ્ઞાતિની પટલાઇ કરવી કેટલી જોખમ ભરેલી છે ? તેનો પૂર્ણ વિચાર પ્રથમ નહિ કરવામાં આવે તો પરિણામે આ ભયંકર શિક્ષા સહન કર્યા વિના છૂટકોજ નથી.

મ્હારા વ્હાલા, દયાળુ ઉદાર પરોપકાર મૂર્તિ, જ્ઞાતિના આગેવાનો જે જે જ્ઞાતિની લગામ તમારા હાથમાં છે તેનું કલ્યાણ કરી તમારા જીવનની જતી ઘડીને સોનેરી બનાવી જજો, અને તમારી પછી તમારી વાવેલી તે કીર્તિલતાને જળસિંચન કરે તેવા નવા જ્ઞાતિના આગેવાનો બનાવી, તેને તમારે હાથેજ અભિષેક કરી સત્તા આપતા જજો, કે તમારી કરેલી મહેનત નિષ્ફળ ન જાય, પણ તેના મિષ્ઠ મધુરાં ફળ ભક્ષણ કરી જ્ઞાતિનાં સ્ત્રી પુરૂષ બાળકો તમારા ગુણગાન કરે.

વારસાની પટલાઇ.

महानुभावसंसर्गः कस्य नोन्नतिकारकः ।
रथ्याम्बु जाह्नवी सङ्गात्रिदशैरपि वन्द्यते ॥

મહાનુભાવ-મોટા પુરૂષોનો સંસર્ગ કોને ઉન્નતિ નથી કરતો? (સર્વને કરે છે,) ગંગાના સંસર્ગથી શેરીઓના જળને પણ દેવતાઓ વંદના કરે છે.

જ્ઞાતિમાં કુળવાન-ખાનદાન કુટુંબના બુદ્ધિશાળી, વિદ્વાન, ઉદાર પરોપકારસંપન્ન, ધર્મસંપન્ન, અને સર્વના શુભેચ્છક માન પ્રતિષ્ઠાવાળા પુરૂષોને પ્રથમ જ્ઞાતિએ પોતાના મુખ્ય-મોટામાની જ્ઞાતિની પટલાઈ -શેઠાઈ આપેલી એમાં જરા પણ શક નથી. એવા પુરૂષોને મહાપુરૂષ-મોટાપુરૂષ કરીશકાય અને તેમના સંસર્ગમાં રહેનારાઓ દેવતાઓને વંદવા યોગ્ય થાય એમાં નવાઇ જેવું કંઇજ નથી. પ્રથમ જ્યારે એ પ્રમાણે એવા સજ્જનોના હાથમાં જ્ઞાતિની સત્તા-વ્યવસ્થા-હતી ત્યારે જ્ઞાતિસમાજની કેવી ઉન્નત્તિ હતી ! એ શંકાના સમાધાનાર્થે પ્રત્યેક મનુષ્યે પોતાનું પેહેડીનામું-વંશ વૃક્ષ જોવું-જયાં એક પુરૂષથી પચાસ સો બસો અને તેથી પણ વધુ માણસોનો વિસ્તાર વધેલો નજરે પડે છે. આ ઉન્નત્તિ નહિં તો બીજું શું છે ?

જ્યારથી પટલાઇ-શેઠાઇનો નિયમ બદલાયો ત્યારથી ઉન્નતિ પણ અવનતિના રૂપમાં ફરી ગઇ અને ઝીણી નજરે નિહાળીએ તો જણાય છે કે તેનાં ફળ પણ મળી ચૂકયાં છે. એટલે જે જ્ઞાતિઓ

એકથી અનેક થઇ હતી તેજ જ્ઞાતિઓ હવે અનેકની એક થઇ ગઇ છે. કેટલીક તદન નષ્ટ થઇ ગઇ છે, અને કેટલીક નાશ થવાની અણી ઉપર છે.

આગેવાનોના પ્રમાદ અને આલસ્યનુંજ આ પરિણામ છે. કે જેમણે મળેલી મોટાઇ, સત્તાનો જ્ઞાતિહિતાર્થે સદુપયોગ નથી કર્યો પરંપરાથી વારસામાં મળતી અમારી પટલાઇ—શેઠાઇને કોણ લઇ લેનાર છે? આ કુવિચારથી-અભિમાનથી ઉન્મત્ત બનેલા ઘણાકો વ્યસની, અનાચારી, અભણ, અધર્મી, અને લાંચીઆ બની ગયા, અને પોતાના હિતાહિતને ભુલેલી ભારત પ્રજાએ આંખે પાટા બાંધી એ પરંપરા ચાલુ રાખી પોતાના હાથે પોતાના કુટુંબનો સુખનો અને ઉદયનો નાશ કર્યો છે. એમ કહેવાને જરાપણ હરકત નથી.

અધુના અંગ્રેજ સરકારના અમલમાં અને પુર્વના દેશી રાજાઓના સમયના ઘણા દાખલા મળી આવે છે કે અધિકાર યોગ્યતા વિના શોભતો નથી. ફોજદારનો છોકરો ફોજદાર થઇ શકતો નથી, જડજનો પુત્ર જડજ હોતો નથી, અને સેનાપતીનો છોકરો સેનાપતી થતો નથી, પરંતુ ભણીગણી બુદ્ધિને કેળવે છે તો બાપ કરતાં દીકરો સારો અધિકાર પણ મેળવી શકે છે તેટલી શકિત મેળવ્યા વિના અધુના પણ તેવો અધિકાર મળતો નથી. પ્રાચિન સમયના એવા પણ કેટલાએક દાખલાઓ છે કે પ્રધાનપુત્ર પ્રધાનજ થતો તેમાં ભેદ માત્ર એજ હતો કે બાપ જે કાર્ય કરતો તે પોતાના દીકરાને વારસામાં ગર્ભાધાન સંસ્કારમાં ઉત્તમોત્તમ ધર્મ, નીતિ, અને વ્યવહારનું રૂડું જ્ઞાન બળ આપવામાં આવતું હતું. બાલ્યવસ્થામાં તેજ સંસ્કારો

પાડવા પુર્ણ પ્રયત્ન કરાતુ. અને શિક્ષણ પણ તેવુંજ અપાતું કે જે વિદ્યાર્થી ગુરૂગૃહ છોડવાની સાથેજ પિતાનો સર્વે બોજો ઉપાડી શકે તેવો શકિતમાન થાય. આવો ક્રમ હસ્ત કરાય તો વારસામાં પટલાઇ–શેઠાઇ આપવાને અમને જરા પણ હરકત નથી પરંતુ અધુના ઘણા પટેલો–જ્ઞાતિના શેઠીઆઓને સહી કરતાં, નામુ લખતાં, હીસાબ ગણતાં કે પુરૂં વાંચતાં પણ આવડતું નથી. નીતિ વ્યવહારમાં પણ પિતાની ઉજવળ કીર્તિને કાળા ગળીના રંગમાં બોળવાને શક્તિ ધરાવનારા હોય છે. આવા આગેવાનોથીજ જ્ઞાતિનું અને દેશનું અકલ્યાણ થયું છે એમ કહેવાને–કબુલ કરવાને તમને શો વાંધો છે?

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ નવસરે,
ખારા જળનું માછલડું તે મીઠા જળમાં મરે,

એ મુજબ યોગ્ય અધિકારી એટલે જ્ઞાન નીતિ અને વ્યવહાર દક્ષ પરોપકાર સંપન્ન–વીર મનુષ્યોના હાથમાં જ્ઞાતિરૂપ સંસ્થાની ચાવી આપવામાં ન આવે ત્યાં સુધી ઉદયની આશા રાખવી એ આકાશમાં કિલ્લા બાંધવા જેવી વાર્તા છે.

અમુક વર્ષ સરકારની નોકરી બજાવી સરકારી અમલદારો રિટાયર થાય છે, તેમ જ્ઞાતિ સેવા કર્યા પછી વૃદ્ધવસ્થામાં ખુશીથી તે જગ્યાનું રાજીનામું આપી બીજાને તે સ્થાન આપવાની ઉદારતા જ્ઞાતિના આગેવાનોમાં હોય નહીં એ શોકની વાત છે? મરવાની છેલ્લી ઘડી સુધી તે જગ્યાનું દાન જ્ઞાતિના યોગ્ય પુરૂષને અપાતું નથી અને કોઇ તે લેવા ઉમેદવારી કરતો દેખાય તો તેને શત્રુ ગણી પીંખી

નાખવામાં આવે છે અને આખી ન્યાત ઉપર કુસત્તા ચલાવનાર માર-કણા સાંઢ ઉન્મત્ત આગેવાન અનીતિથી તે ઉમેદવારની અને તેના સાથીઓની દુર્દશા કરે છે. એટલે તડ પાડી રખડાવે છે આંખો છતાં નહીં દેખનારા, ન્યાય અન્યાયને નહીં સમજનારા. જ્ઞાતિનાં આંધળા અજ્ઞાન સ્ત્રી પુરૂષોને પરસ્પર લડાવી બે બીલાડાને વાંદરાની પેઠે બન્ને તરફથી ખાઈ ઢોલકી ઠોકી ખુશી થાય છે. કહો આવા દુષ્ટ આગેવાનો અને જ્ઞાતિનાં આંધળાં સ્ત્રીપુરૂષોનું કલ્યાણ કેમ થઇ શકે!

હોળી

દુઃખકર હોળી બુજાવો,
ભયંકર આગ સમાવો.......... દુઃખકર

મોટા માની પટેલ પદ આપ્યું,
આજ્ઞા તમારી ઉઠાવી;
પક્ષપાત તડફડ અગ્નિમાં,
કરી પટલાઇનો દાવો......................... દુઃખકર

કંચન સમજી સંગ કર્યો પણ,
ગીલીટ ગયું પકડાઇ;
ખાનદાની ગુણ ગયા રીસાવી;
પણ ચોંટી રહી પટલાઇ;
કાયદો કાળો કહાવ્યો.......................દુઃખકર

જડજ પુત્ર વિદ્યા હીનતાથી,
બની રહે સીપાઇ;
મુર્ખ છતાં પણ પટેલ પુત્રની,
જાય નહીં પટલાઇ,
વિચાર એ દીલ કેમ ભાવ્યો.................દુઃખકર
ઉદાર સજજન જ્ઞાની જનની,
કરો ચુંટણી જાતે;
ત્રણ વર્ષની સત્તા આપી;
ન્યાય તપાસો સાથે
રાખી બંધુતાનો દાવો..............................દુઃખકર

જ્ઞાતિવશપર વિચાર.

क्वचिद्विद्वद्गोष्ठी क्वचिदपिसुरामत्त कलहः ।
क्वचिद्वीणावादः क्वचिदपि च हाहेति रूदितम् ॥
क्वचिद्रम्या रामा क्वचिदपि जराजर्जर तनु
नजाने संसारः किममृतमयः किं विषमयः ॥

કોઇ ઠેકાણે વિદ્વાનોની જ્ઞાન ચર્ચા થાય છે, અને કોઇ સ્થળે દારૂપી બેભાન બનેલાઓનો કલેશ થાય છે. કોઈ સ્થાનમાં વીણા સુંદર વાજીંત્રોનો નાદ થાય છે. અને કોઇ ઠેકાણે હાહાકાર સહિત રૂદન થાય છે અને કોઇ સ્થળે રમણીય સ્ત્રી છે અને કોઇ સ્થળે

શિથીલ થયેલો પુરૂપ છે તેથી હું જાણી શકતો નથી કે આ સંસાર અમૃતમય છે કે વિષમય છે?

પ્રિય સજ્જન ગણ! સંસાર અસાર છે, ક્ષણિક છે, અને તેમાં દેખાતાં સોનેરી સુખો સંધ્યા સમયના સોનેરી રંગ જેવાં છે. એ ઉપરના ભર્તૃહરિ મહાત્માનાં વચનોથી પણ સિદ્ધ થાય છે અને આપણે પ્રત્યેક તેને યથેચ્છ જાણીએ છીએ, છતાં શાસ્ત્રાજ્ઞાઓને સ્વિકારી કુરૂઢિઓને તિરસ્કાર કરતા નથી એ શું આપણું હિંદુપણું છે કે?

> વેદ શાસ્ત્ર પુરાણની વાતો અમારે માન્ય છે,
> કરવું નથી એમાંનું કશું, રૂઢીની ખેંચાતાણ છે.

અધુના હિંદુ સમાજને આ કવિતા અક્ષરસઃ લાગુ પડે છે જે કારણને અર્થે જ્ઞાતિવરા કરવામાં આવેછે, તેની ક્રિયા તરફ લેશ પણ લક્ષ અપાતું નથી. ઉપનયન સંસ્કાર, લગ્ન સીમંત સંસ્કાર અંતેષ્ટિ સંસ્કાર વિગેરે સંસ્કારો કે જેમાં ક્રિયા તરફ ખાસ લક્ષ આપવાની જરૂર છે તથા ક્રિયાના પ્રમાણમાં અમુક બ્રાહ્મણ ભોજનની અપેક્ષા છે. જે માટે સંસ્કારના ગ્રંથોમાં ખાસ કહેવામાં આવ્યું છે. તેને તિલાંજલી આપી બ્રાહ્મણ ભોજનનો ત્યાગ કરી કેવળ જ્ઞાતિ ભોજન એટલે જમવા જમાડવાના કરારી સોદા ખાવા ખવાડવાની જાફતો ચાલી રહી છે, અને એ બહાને દરેક ક્રિયાનું પ્રાયશ્ચિત વહેંચાતું જ્ઞાતિજનોએજ વ્હોરી લીધું છે. જેથી બુદ્ધિ બગડી, મન બગડયું આચાર બગડયો. ધર્મ બગડયો અને છેવટે સર્વ જ્ઞાતિનું અકલ્યાણજ થયું જોવામાં આવે છે.

ધીમે ધીમે એ ખાવા ખવાડવાનાં સારાં એવા તો જબરાં થઇ પડયાં છે કે જ્યાં કોઇ મનુષ્ય એ ખવાડવાના વ્યવહારને છોડી દે, તો જ્ઞાતિ બહાર કરીને, મ્હેણાં મારીને, ગાળો દઇને, અને છેલ્લે લાંઘીને પણ ખાવાનું માગી લેવામાં આવે છે, અમારો હિંદુ સમાજ આ વ્યવહારનેજ ક્રિયામાં મુખ્ય માને છે અને કલ્યાણકારક ક્રિયાના રહામું પણ ભાળતા નથી. તે માટે પુરોહિતને દાપું ફેરવી ઉઘડ કામ સોપ્યું હોય છે તે બિચારા પણ એજ અધર્મીના અન્ન ભક્ષણથી વિચારશૂન્ય બનેલા હોય છે તે માત્ર એ કે ત્રણ રૂપીઆ જે મળવાના હોય છે તેનાજ જપ જપતા હોય છે. એટલે પરિણામે ગોર યજમાન ઉભય અધર્મી બની અવનતિના ઉંડા કુવામાં ઉતરે છે. અને આસપાસનાઓને તેમાં ઉતારે છે. ગરીબ માણસ હોય તો ઘર ગીરો મુકીને, સ્ત્રીની જણસો વેચીને, કપડાં વેચીને, ભીખમાગીને, દેવું કરીને અને છેલ્લે કાળું ધોળું કરીને પણ જ્ઞાતિને ભોજન તો આપવુંજ પડે છે.

(થઇ પ્રેમ વશ પાતળીયા.)

જ્ઞાતિ વશ વિસ્તારી
ખરી ક્રિયાને ગરદન મારીરે   જ્ઞાતિ,
જાપ્ત જમવામાં પરસ્પર, આફત શિર સ્વિકારી;
કરી દેશ તણી ઘણી ખ્વારી;
નીતિ રીતિ ને ધર્મ વિસારીરે   જ્ઞાતિ.

પાંચ હજારની પુંજી સમર્પી પ્રેમથી લાવ્યો પ્યારી;
ઘરબાર ધન પરવારી,
નિર્ધનતાને સ્વિકારીરે   જ્ઞાતિ.

ફેશનનું લેશન દેવામાં જાવક રહી છે જારી;
વધુ કરજ ફરજ દુઃખ ભારી;
એણે હિંદની બાજી બગાડીરે   જ્ઞાતિ.

અઘહરણી ભાળીને પુલ્યા, પુલણુજી દીલભારી;
મિસ્ટાન્ન મોજ ઉડાવી;
રૂડી રીતની જાફત આલીરે   જ્ઞાતિ.

પ્રસૂતિ સમયે પુર્ણ પાપથી નષ્ટ થઈ ગઈ નારી;
મરણોત્તેજક મંડળી બોલાવી;
પ્રેત ભોજન પારટી જમાડીરે   જ્ઞાતિ.

લોક ચડાવ્યો ચડયો અબુધ એ સર્વ ગયો પરવારી;
મળતી નથી પછી નારી;
લેણદાર દીયે બહુ ગારીરે   જ્ઞાતિ.

ફૂટ ફૂટ કરતા જ્ઞાતિ જન પછી થું કી ચાલે નર નારી,
"રેવા" ધન માલ ભેલાડી,
મરે દેશની દશા બગાડીરે   જ્ઞાતિ.

લગ્ન વખતે જ્ઞાતિને જબરો કર આપવો પડે છે, કન્યા મેળવ- વા માટે દ્રવ્ય દેવું પડે છે એક બે વર્ષમાં સીમંત આવે ત્યારે પાછી તેજ ધમાલ ખડી હોય છે. પ્રસૂતિ સમયે ખર્ચનો પ્રસંગ હોય અને દૈવયોગે સ્ત્રી મરણ પામે તો પાછી ક્રિયા નહીં પણ જાફતો આપવાનું ફરી લગ્ન કરવાનું અને જાફતો આપવાનું પાછું અનુક્રમે ચાલુજ રહે છે. એટલે એક માણસ જીંદગી સુધી આ ક- રજમાંથી મુક્ત થઇ શકતો નથી. બુદ્ધિ વિના વેપાર ઉદ્યોગ કરી શકતો નથી અને કરજની ચિંતા હોળીમાં બળતો હોવાથી સ્વફરજ ને સમજી કે બજાવી શકતો નથી.

આ વિષયમાં જ્ઞાતિના આગેવાનો, પુરોહિતો પુરાણીઓ વિદ્વાનો ડાહ્યા લોકો, અને ગુરૂઓએ ખાસ પ્રયત્ન કરવાની જરૂર છે. એ લોકો જો આ વિષય હાથમાં લે તો સત્વર સંસાર સુખી થઇ શકે તેમ છે. પરંતુ તેમની પોતાની જીભડી એ સ્વાદથી મુક્ત ન થાય, અને ખુશામતથી માત્ર દ્રવ્ય કઢાવવાની દ્રષ્ટિને તાળું ન મરાય ત્યાં સુધી તેમનાં કથનોથી જનસમાજ ઉપર કાંઇપણ અસર થનાર નથી હિંદુ સમાજ પોતાની કુરૂઢીઓને દૂર કરે નહિં, પ્રાચિન પદ્ધતિને હાથ ધરે નહીં, અને ધર્મ નીતિના પવિત્ર સ્ટેજપર આવે નહીં, ત્યાં સુધી હિંદનો ઉદય થવો કઠીણ છે. કાળના ફરતા ચક્રના આરાપર ચઢી અશ્રુપાત કરતી તે હિંદ દેવિનું રૂદન વાંચી વિચારી હિંદુ સમાજ કર્તવ્યના મેદાનમાં કટિબદ્ધ થશે એવી આશા છે.

હિંદ દેવીનું રૂદન.

સંસારના મેદાનમાં,
　　　સુખ દુઃખતણું તોફાન છે;
સત્કર્મને દુષ્કર્મ કેરાં
　　　વૃક્ષનું એ સ્થાન છે.

* * * * *

વિષ અમૃત એ ફલ ચાખતાં,
　　　દુઃખ કે પછી સન્માન છે;
હે કર્મ ફળદાતા,
　　　અમારો દેશ હિંદુસ્તાન છે.

ભરતખંડ કર્મ ભુમિ છે, અને મનુષ્ય માત્ર અહીં કરેલાં કર્મોનાં ફળ ભોગવવાને અને નવાં કર્મ કરવાનેજ આવે છે. મનુષ્ય માત્ર કર્મ સૂત્રમાં ગંઠાયલા છે તેથી માળાના મણકાની પેઠે કર્માનુંસાર તેમની સ્થિતિ હંમેશા બદલાયા કરે છે. તેમાં કર્મજ પ્રાધાન્ય છે ઇતિહાસ તરફ દ્રષ્ટિ કરતાં એવાં અનેક દષ્ટાંતો મળી આવે છે.

શાહબુદ્દિન પાસે બંધીવાન થયેલા પૃથુરાજને તેનો મિત્ર કવિ ચંદ એ સંબંધી સૂચના કરે છે.

દિન પલટ્યો પલટી ઘડી,
　　　પલટી હથ્થ કમાન;
કરણી કે આધારસેં
　　　દિન પલટ્યો ચહુવાણ;

એ નિયમાનુસાર સમસ્ત સૃષ્ટિ ચક્ર ચાલી રહ્યું છે જેમાં સૂર, અસુર, અને માનવી સર્વ સપડાય છે. કર્મયંત્રના પ્રબળ પાવરવાળા ધક્કાથી નીચે ઉંચે જાય છે. અને સુખદુ:ખના મિષ્ટ કે કટુ સ્વાદને અનુભવાય છે.

દશે જ્યાં ઘોર રાત્રી ત્યાં,
ઉષા કેરો ઉદય થાશે;
ભયાનક રૂદનને સ્થાને,
નૃત્ય સંગીત દેખાશે.
× + × × ×
હજારો વૈભવો સ્થાને,
ઉડતી ધૂળ દેખાશે;
ગગન ચુંબિત ભવનો જ્યાં,
બોલતા કાગ લેખાશે.

બરફથી ઢંકાયલા હિમાલયના રૂપેરી શીખરો ઉપર શરદ પૂર્ણિમાની મધ્ય નિશાએ એક દુર્બળ પણ પવિત્ર સ્ત્રી રૂદન કરી રહી છે તેનો કરૂણાજનક ઝીણો પણ હ્રદયભેદક સ્વર હિંદુસ્તાનની દશે દિશાને જાગૃત કરતો, ચમકાવતો અને કર્તવ્ય પરાયણ થવાની સૂચના કરતો પથરાઇ રહ્યો છે.

ચંદ્રને શરમાવે તેવી, નિષ્કલંકિત મુખાકૃતિવાળી હોવા છતાં, ગ્રહણથી ઘેરાયલા ચંદ્ર જેવા નિસ્તેજ મુખવાળી, ક્ષુધા, તૃષા અને નિર્ધનતાથી દુર્બળ બનેલી, શોક અને વિપત્તિરૂપ વાદળાંથી ઢંકાયલી

જીર્ણ મલીનપટ પહેરનારી, અલંકાર વિનાની, અને જેનું સર્વસ્વ નષ્ટ થયું છે એવી ચોતરફથી સંકષ્ટમાં સપડાયેલી, વિખરાયલા કેશ વાળી તે સ્ત્રી અશ્રુપાત્ કરતી ચારે દિશામાં દૃષ્ટિ ફેંકતી દયા અને આશ્રયની ભિક્ષા માગતી, પોતાની દુઃખી હાલત માટે અફસોસ કરી રહી છે.

કાલીંગડો–દાદરો.

રડત માત ભારત આજ આસુડાં ભરી ભરી.
રત્ન મારાં કયાં ગયાં એ દૈવે હાલત શી કરી? રડત.
કરણને અર્જુન વીર, કયાં છે ભીમ યુધિષ્ઠિર;
દ્રોણાચાર્ય, દુર્યોધન કયાં છે ભીષ્મનું શરીર? રડત.
કયાં પ્રતાપ ને પૃથુરાજ, બાપારાવ ભીમસિંહ,
કયાં શિવાજી શૂર આજ, ચંદને જયચંદ વીર? રડત.

+ + × × • ×

યાજ્ઞવલ્કયને વશિષ્ઠ, ભરદ્વાજ ગૌત્તમ આજ;
પરશુ, અષ્ટાવક્ર, પાણિનિ રૂષિનો કહીં સમાજ? રડત.
કયાં દધીચિ દાનવીર, અર્પીયું જેણે શરીર;
વ્યાસ, શુકદેવ, સેવા વ્રત્તિઓ હૃદય ધરી? રડત.
જૈમિનિ, કપિલની, કીર્તિ જગે ઝળકી રહી.
અદ્યાપિ પ્રકાશ માયા, ધ્વાન્તને નાખે હણી. રડત.

+ × + + ÷

કયાં સીતાને દ્રૌપદીએ, અનુસૂયા સતી ખરી,
કયાં છે તારા અવધ પતિની સંકટે નહી ડરી? રડતી.

શાંડીલી નિજ નાથ સેવી, પતિને જીવન દાન દધું;
સાવિત્રી સતી રાણકદેવી, મરણથી ડરી નહિ, રડત.
પદ્મિનીને લાલબાએ, રકતે ભિંજાવી ભુમી,
જીવનનાં બળીદાન દેતાં. ફરજને અદા કરી. રડત.

કહો જેનાં આવાં અણમૂલાં રત્નો ખોવાયાં હોય, તેના દુઃખનું વર્ણન શી રીતે થઇ શકે? છેલ્લાં શેકોદ્દગાર સાથે આકાશવાણી થઇ. અશ્રુના બિંદુઓ વર્ષાવતી તે અમારી વ્હાલી માતા હિંદ દેવી આકાશવાણીને શાંતિથી સાંભળવા લાગી.

આકાશવાણી.

બહુ વર્ષ સુખ તેં ભોગવ્યું,
દુઃખ તે થકી અધિકું સહ્યું
બહાદૂર બ્રિટનના આશરામાં
કષ્ટ તુજ ચાલ્યું ગયું.

* * *

રાજકીય સુધારણામાં
જગત આ ઝુકી રહ્યું;
દયાળુ સરકારનું પણ,
લક્ષ એ મધ્યે રહ્યું

આકાશવાણી સાંભળી શોક ત્યજી સહજ શાંત થયેલી દેવી પુનઃ એકાએક ધ્રુસકે રડવા લાગી અને એક પછી એક અશ્રુનાં પાંચ બિંદુઓ પડયાં તે દ્વારાએ તેણે પોતાના રૂદનના ઉદ્દગારો જણાવ્યાં.

દેવ મ્હને તમારા તરફ વિશ્વાસ છે. તમારા શબ્દો મારે માટે ચા પડશે એ નિર્વિવાદ છે. પરંતુ તેમાં વિઘ્નરૂપ કેટલાંક મારાં ઉચ્છૃંખલ અને અજ્ઞાન બાળકો માટે મને ચિંતા છે.

લગભગ હજાર વર્ષથી રીબાતાં, પીડાતાં, મ્હારાં વ્હાલાં બાળ-ાની કથાનું જ્યારે મને સ્મરણ થાય છે. ત્યારે મારાં રોમાંચ ખડાં થાય છે, ચર્ણ ધ્રુજે છે, ખૂન તપી આવે છે. પણ શું કરૂં મ્હારા પોતાનાં સંતાનોનાં કુકર્મોનુંજ એ ફળ દેવ મને ચખાડી રહ્યો છે.

કલેશને કંકાશ,
ઇર્ષ્યા વેરથી અળગા થયા,
અફીણદારૂ ભાંગ, ગાંજા,
નિશામાં ડુબી ગાયા.

બહુ મોજમાં મહાલ્યા,
મારગ નીતિનો ત્યજીને વળ્યા,
(અંતે) ધર્મ કર્મ પરહરીને,
સુધારાના સ્વામિ થયા.

અને તેનેજ પરિણામે પૃથ્વી ભરની પ્રજામાં નીચો નંબર ગણાય છે, લાખો સુધારા કરો, કરોડો સભાઓ કરો, અને જીવન પર્યંત પુરૂષાર્થ કરો પરંતુ ધર્મ વિના શ્રેય થતુંજ નથી. ધર્મ વિનાનાં વિસ્તાર વાળાં રાજ્યો એક ક્ષણમાં ધૂળમાં મળી ગયાં છે.

ચાર વર્ણોને સ્થાને આજે ચાર હજાર વર્ણ જાતીઓ થયેલી દેખાય છે. એક સનાતન વૈદિક ધર્મને બદલે અધુના સેંકડો વિચિત્ર

મનઃ કલ્પિત ધર્મના વાવટા ઉડતા દેખાય છે. કર્મ ઉપાસના, અને જ્ઞાનને તિલાંજલી આપી અધુના ધર્મને બહાને કેવળ નાટકોજ ભજવાય છે. અને ચારે આશ્રમો પર પગ મુકી તેનો નાશ ધોળે દહાડે ભર બજારે કરાય છે.

ધર્મનિષ્ઠ. કર્મનિષ્ઠ, બ્રહ્મનિષ્ઠ, અને સત્યનિષ્ઠ વીરપુત્રોને ઉત્પન્ન કરનારી પવિત્ર મહિલાઓને તેમના પતિવ્રતને માટે યોગ્ય જ્ઞાન ન આપતાં સુધારાને બહાને કંઇ બીજાજ માર્ગમાં દોરી, ફેશનનો અટપટો રંગ લગાડી અનીતિ અને સ્વતંત્રાના વેરનિશથી પાકો કરી લેવાય છે. તેથી ભવિષ્યમાં થનારા સંતાનો, ધર્મ, નીતિ અને જ્ઞાનની ગાથાઓ સાંભળી, ગભરાઇ શંકા કૂપમાં પટકાય છે. અને અંતે અવનતિના અરણ્યમાં અટવાઇ જીવન વ્યતિત કરે છે. વિચાર સાગરમાં દીવાની બનેલી હિંદદેવી છેવટે પોતાના બાળકોને સદ્બોધ કરતાં કથે છે.

(એ અમો અબળાને માયા વ્હાલીરે)

માતૃ શાંતિ માટે પ્યારા, ઐક્યને વધારીરે (૩)
ધર્મના મેદાને આવો, ફરજ બખતર ધારીરે (૩) માતૃ૦
હોટેલો ઉખેડી નાંખો, ચ્હાચિરૂટે ચિત્ત ન રાખો.
વીર્યબળ બુદ્ધિની હણનારીરે (૩) માતૃ૦
વીશકોટી વ્યસન વશ છે. હિંદમાં નર નારજો;
જણુદીઠ દિનનો એક આનો, એ હીસાબે ધારજો,
ચાર અબજને ત્રીશ કોટી દામને વિચારજો;

બચાવતાં એ બહુ બિચારા દુઃખીજન પોપાયજો.
ત્યારે દેશ દશા ફરનારીરે (૩) માતુ૦
વર્ણ આશ્રમો સંભાળો, વેદ શાસ્ત્રોને નિહાળો;
વડીલોની નીતિ લ્યો સ્વિકારીરે (૩) માતૃ૦
ब्राह्मणोऽस्य मुखमासित्એ વેદ વાક્યો ઉર ધરો;
चातुर्वर्ण्यं मयासृष्टंગીતા તરફ દ્રષ્ટિ કરો,
ब्रह्मचर्य सन्यस्त આદિ આશ્રમે બુદ્ધિ કરો
उपनयन ને વિવાહનાં નાટક હવે તો પરહરો.
તજો કુરૂઢી દુઃખકારીરે (૩) માતૃ૦
શ્વાનવત ખાવું પરસ્પર, એ સુધારે થાય શું ?
નીતિ અને સદ્જ્ઞાન વિણ એ રાગદ્વેષ તજાય શું ?
શીશિયારી ફેશનની વધી નર નારી ફંદફસાય શું ?
પર નર સહ ખરસમ બનીને ડેન્સ ક્રીડા થાય શું ?
વ્યભિચાર વૃત્તિ નાખો બાળીરે (૩) માતૃ૦
એક પત્નીવ્રત પોષો, પતિવ્રતા ત્યારે જોશો,
રત્ન પુત્રને એ દેનારીરે (૩) માતૃ૦
ધૃતિઃ ક્ષમા આદિ ધર્મનાં દશ ચક્રપર આરૂઢ થજો;
એ સત્ય ધર્મ સ્વિકારતાં સંકષ્ટથી ન જરી ડગો;
બળ, બુદ્ધિ, ધનને જ્ઞાન, એ તમ બંધુ માટે આપજો;
બનતી મદદ કરીને સહુ પ્રાણી દરદને કાપજો.
ત્યારે તમ માતા સુખીયારીરે. (૩)

હિંદ દેવીનાં અશ્રુબિંદુઓમાં આજ્ઞાઓ.

પ્રથમબિંદુ.

(જખમનાં દરદો જખમી જાણેરે.)

હતી સૌને શિક્ષણ દેનારીરે, માનીતી મહારાણી.
બની બેઠી દુઃખમાં દીવાનીરે રડે રાગડો તાણી. હતી.
હીમાલયના શુકલ શિખરપર વિજય વાવટો જેનો,
હતો ઝળકતો હસ્તિપુર પર, ધર્મનો અમલ મજેનોરે
આજ બની દુઃખખાણી હતી.
અન્ય દેશવાસિઓ જેનાં દર્શની આશા રાખે;
આવી અલૌકિક સ્વર્ગ સુધાના મધુર રસને ચાખેરેઃ
પરતંત્ર ગુલામી કમાણી હતી.
પારસમણિ કોહીનુર ગજ મુકતા છે રત્નો જેનાં,
હીરા માણેકથી રમનારાંને, ટુકડો અન્ન મળે નારે;
જુઓ કરમની કહાણીરે હતી.
જ્ઞાતિ બળને છેદ્યું ભેદ્યું, સ્વતંત્રતા લેવાને;
ધર્મ નીતિને નેવલે મુકયાં, પાપી સુધાર બહાનેરે
મિથ્યા મોહને તાણી હતી.
જાગો હજુ છે જીવન ઘડી જે, ફરી ફરી નહી આવે;
ધર્મ દેશ ઉદ્ધાર કરીને "રેવા" કીર્તિ ગજાવેરે
ધન્ય તેની જીંદગાની હતી.

બ્રાહ્મણો કે જે વૈદીક ધર્મનો ઝુંડો ઉડાવનારા હતા, નિસ્પૃહ હતા, રાજા મહારાજા અને ધનિકોની આશા કરતા ન હતા, અનેક પ્રાર્થના કર્યા છતાં પણ દાનાદિ માટે હાથ લંબાવતા નહોતા. સંતોષી અને વિદ્યા વિલાસી હતા, નિત્ય નૈમિત્તિક કર્મમાંજ કાળ ગાળતા હતા, અને પ્રજા માત્રના જે પૂજ્યગુરૂ હતા. તેમાંના કેટલાએક અધુના વેદનાં નામ પણ પુરાં જાણતા નથી, સેંકડો અપશબ્દ સાંભળ્યા છતાં પણ ગૃહસ્થોના દ્વાર પરથી પગ પાછો ફેરવતા નથી. રાજા મહારાજાએઃ અને ગૃહસ્થોની સેવા કરવામાં ડરતા નથી. લોભી અને લાડુના પક્કા વિલાસી બન્યા છે, નિત્ય નૈમિતિક કર્મમાં ઝોળી લઇ ભીખ માગવા સિવાય બીજું કંઇ હોતું નથી, ગુરૂવૃત્તિ ત્યજી ગુલામ વૃત્તિથી જીવન વ્યતિત કરનાર હે ભૂદેવો ઉઠો બહુ કાળ ઉંઘ્યા છો હવે તો જાગો ? શાસ્ત્ર સંપન્ન થાઓ અને ક્ષત્રિય, વૈસ્ય, શુદ્રાદિને ધર્મ કર્મરૂપી અમૃતનો સ્વાદ ચખાડવાને કટિબદ્ધ થાઓ.

દ્વિતીયબિંદુ.

(આશાવરી ત્રીતાલ.)

આજે ઉઠો બ્રહ્મ સમાજ;
હું રોતી તમારે કાજ. આજે
વર્ણ માત્રના ગુરૂ કહાવો, ધર્મ આવી તમ હાથ;
ત્યાગી દુષ્ટતા મોજ મજાહ નિજ માતની રાખો લાજ...આજે.

ગાડી ઘોડા વાડી લાડીમાં, કે વેશ્યાની સાથ;
ધર્મ ધન ખરચીને ગુમાવો, કીમતી જીવન રાત...આજે.
સ્વપત્નીને પડદે રાખી પરનો ચ્હાતા હાથ;
હાથી ઘોડા સીપાઇ કેરી સાથે મોટી જમાત......આજે.
વર્ષે વર્ષે આવીને ઉઘરાવી જાઓ આઘા;
તન, મન, ધન, હરિ અજ્ઞ જનોને છેક કર્યો છે અનાથ આજે.

અનાચારનું છેદો મૂળ તો, સદ્ય થશે પ્રભાત;
"શેવા" રડતી માતને રાખો, રીજશે જગનો નાથ...આજે.

નિરક્ષક ગુરૂઆ ? અને જ્ઞાન સાથે સાઠમારી કરનારા સાધુઓ ધર્મને બહાને જન સમાજ કે ચેલાઓમાંથી લાખો રૂપીઆ ઉઘરાવી લઇ ગાડી ઘોડામાં ફરનાર મનોહર પોષાક પહેરી મોજ મારનારા, ખટરસાદિ ભોજન કરી ઇંદ્રિયોને તાબે થઇ અનેક કુકર્મના વ્યવહાર કરનાર ત્યાગી થઇ મોટા મંદિરમાં મ્હાલનારા, વેરાગી થઇ મહીલા મંડળમાં રાસક્રીડા કરનારા કે પરસ્ત્રીઓ પાસે પગ પૂજાવનારા, કંઠીઓ બાંધી દ્રવ્ય હરનારા, નાટકો અને નાચના જલસા કરાવનારા કે તેમાં પહેલી ખુરસીપર બેસનારા, મુસાફરીમાં પારકે પૈસે ફર્સ્ટ કલાસ કે સેકન્ડ કલાસમાંની ટીકીટો લેનારા, તથા જન સમાજમાં બોજા રૂપ થઇ પડે તેવી ક્રીયા કરનારા ગુરૂઓ અને મહાત્માઓ તમે બહુ દિવસ મોજમજાહ કરી છે હવે તો ઉઠો ?અને પુરૂષોને તેમના ધર્મ સાથે પત્નીવ્રતનો તથા સ્ત્રીઓને તેમના ધર્મ સાથે પતીવ્રતનો ઉપદેશ કરી તમારી ફરજને અદા કરો.

તૃતીયબિંદુ

(નૈયાં પાર લગા દો હમારીરે)

વારે આવો વીરા બ્રહ્મચારીરે;
દુ:ખી માતાને આશા તમારીરે...............વારે
પોષી બ્રહ્મચર્ય ધર્મ જ્ઞાનના બનો પુંજારી;
શાસ્ત્ર શસ્ત્ર કળા શકિત આદિને સ્વિકારી;
નિજ માતાને લ્યો ઉધ્ધારીરે.................વારે
પરદેશી સ્વાંગ ઢાંગને સદા તજીને,
દુષ્ટ વ્યસન ત્યજી નીતિને રહો સજીને,
ખેતી રૂપી ખીલાવો ખરી વાડીરે...........વારે
ઢેમ" કહી ધર્મ દેશપાર કાઢશોના,
મેમ" પતિવ્રતા પ્રિયાને બનાવશોના
સહુ જગમાં તમારી સરદારીરે..............વારે
બાળ વયમાં વરી નાર ના કરશો ભવાઇ;
જશે વીર્ય બુધ્ધિ શરીર સૌ તવાઇ.
થશે પ્રજા નમાલી તમારી રે.................વારે
"રેવા" ધરી જન્મ જગ નહીં ઉપકાર કર્યો,
જ્ઞાતિના સુધારી તેણે મિથ્યા દેહ ધર્યો,
ભલી માતાની જુવાની ભેલાડીરે...............વારે

વિદ્યાર્થીબંધુઓ કે જે સ્કુલમાં, કોલેજમાં કે પાઠશાળામાં ભણવાની સાથેજ નોકરીની ઇચ્છા રાખનારા સ્વતંત્ર જીવનને પર-

તંત્રતાની બેડીમાં પટકી ગુલામ પેઠે જીદંગી ગાળનારા અર્ધદગ્ધ જેવી દશામાં થોડી ઘણી વિદ્યા ભણી મરકટની પેઠે બીજાની નકલ કરી ખર્ચના ભયંકર બોજામાં પડનારા, ધર્મ કર્મ અને નીતિને હેમ કહી હાંકી કાઢનારા, ચ્હા, ચિરૂટાદિ વ્યસનોમાં મરનાર બ્રહ્મચર્યને લાઠી લઇ હાંકી કાઢનારા, અને ક્ષય જેવા દુષ્ટ રોગને નિમંત્રણ કરનારા, બળ, વીર્ય વિનાનાં ખાલી ખોખાં જેવાં શરીરવાળા તમે ઉપરના દુર્ગુણોને ત્યજી પ્રાચિન પ્રણાલી તરફ સત્વર વળો તમારા ઉપર આ તમારી ગરીબડી બની ગયેલી માતાનો મોટો આધાર છે. મોટો વિશ્વાસ છે. માટે તૈયાર થાઓ !

ચતુર્થબિંદુ

नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारूतः ॥

આ આત્માને શસ્ત્રો છેદતાં નથી. એને અગ્નિ બાળતો નથી એને પાણી પલાળતું નથી, અને પવન સુકાવતો નથી.

(છે સુખ નકી સંસારે વાસના સમુળી ટાળે)

છે સુખ નકી સંસારે, વાસના સમુળી ટાળે
રહી જ્ઞાન સરોવર પાળે, આત્મા એક સહુ ભાળે....છે.
વ્યાપક સૌમાં વિભુએ છે, ચલ અચલ મહીં દીસેછે;
પ્રલ્લયમાં પણ એ રહેછેરે........................—છે.
શસ્ત્રો નવ છેદી શકેછે, અગ્નિ નહીં દાહ કરેછે;
શ્રુતિ તત્વમસિ એમ કહેછેરે ....છે

મરવું અવતરવું જેતે, શિર પંચભુતને રહેછે;
આત્મા અવિનાશી એ છે રે..............................છે
નર જુનાં વસ્ત્ર તજેછે, નૂતનને અંગ સજેછે;
શું શોકથી હૃદય ભરે છેરે ?..........................છે
પરહિત જન તેજ કરેછે; જેસિંહ સમાન ફરે છે;
રેવા સુખ અનુભવ લે છેરે............................છે

એ ઉચ્ચ કોટીનું જ્ઞાન કે જે મરણના ભયમાંથી મુકત કરનારૂં છે. તેનો જ્યારે હિંદમાં પ્રવાહ હતો ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈસ્ય, શુદ્ર અને સ્ત્રીઓ સર્વ કોઇ પોતાનું વચન પાળવાને, અન્યનું રક્ષણ કરવાને અને ધર્મ સંભાળવાને પ્રાણાંત સુધી આગળ વધે જતાં, નિરાશ થઇ ડરી જતાં નહિં. પણ વખત આવે મહર્ષિ દધીચી, મહારાજા હરિશ્ચંદ્ર, કરણ, મયુરધ્વજ. અને શીબીરાજાની પેઠે પરોપકારને ખાતર પોતાના શરીરને અર્પણ કરવાને ચુકતાં નહિં ધર્મ માટે, બંધુઓ માટે, મિત્રો માટે સ્ત્રીઓ માટે અને નિરાધારકે અશકતો માટે મોતનો ડર ન રાખતાં હિંમતનાં હથિઆર સજી ફરજ મેદાનમાં મસ્ત બની મહાલતા અને બોલેલાં વચનોને મરતાં સુધી પાળતા એ મનુષ્ય માત્રની ઉન્નતિનું મુખ્ય કારણ વેદાંત વિદ્યા તે લોપ થઇ તેની જગ્યાએ પાખંડ અને પ્રપંચમિશ્ર ધર્મો ચાલી રહ્યા છે. કે જ્યાં બહારથી કોઇનો અવાજ આવતાંજ માળા તિલક અને પાઠ પૂજા બારગાઉ દૂર નહાસી જાય છે. ત્યાં ઉન્નતિની આશા કયાંથી રખાય ? માટે હવે તો બહુ દિવસથી વગર પરવાનગીએ પ્રવેશ કરી

કબજો કરી બેઠેલા અજ્ઞાનને દુર કરો, અને તમને સ્વરાજ્ય મળે તેની સાથે આત્મસ્વરાજ્યને પણ પાસે રાખજો. તમારૂં સાચું સુખ તો તમારા આત્મસ્વરાજયમાં છે. તે મેળવશો ત્યારેજ તમને ખરો સંતોષ, સુખ, અને આનંદનો અનુભવ થશે.

પંચમબિંદુ

(કાયા માયા કોઇકી નહિં ભઇ)

હિંદ દેવી રડતી નયન ભરી, હરિમારી હાલત આ શી કરી ?
જમદગ્ની, રેણુકા પરસુ, ભુ નક્ષત્રી કરી,
રામ, સીતા, લક્ષમણ, ત્રેતામાં, નીતિની રીત ધરી...હરિમારી

અનસુયા, સાવિત્રી, તાર, દ્રોપદી દેવી ઠરી,
પદ્‌મિની રાણકદેવીને પન્ના, કાળ ગયો છે ગળી...હરિમારી

અર્જુન, કરણ, અને યુધિષ્ઠર, ભીમ સમાન બળી,
પ્રતાપને પૃથુરાજ ચંદ જય ચંદને નાખ્યા દળી...હરિમારી

ગોધન, ગજધન, કૃષીધન, સાચું દીધું દુર ધરી;
થયા નમાલા, ગુલામી વાળા, બેડી કરમે જડી......હરિમારી

પતી, પત્નીવ્રત નીતિ ત્યાગી, વાતો વદતા વડી,
ધર્મ, નીતિ, વિણ ઉન્નતિ લેતાં, અવનતી કર ચડી...હરિમારી

જ્ઞાતિના નાયક સૌ સમજી કુસંપ નાખો દળી,
" રેવા " જ્ઞાતિ હિત કરવામાં, રહેશો કીર્તિ રળી...હરિમારી

પતીને પગરખા સમ ગણી મરજી મુજબ ફરનારી, થોડો અંગ્રેજી કે ગુજરાતી અભ્યાસ કરી સ્વતંત્રતાનો ઝુંડો લઇ ફરનારી નીતિની વાતો કરી અનીતિની બાજી ખેલનારી, સુધારાની સભાઓમાં સંપ અને કુસંપના ભાષણો ભરડી ઘરના ધણીને ધક્કો મારનારી પતિ અને પ્રભુનું પૂજન છોડી જેન્ટલમેન સાહેબોના પૂજનમાં આનંદ માનનારી પતિને પડતો મેલી નાટકમાં ટીપાર્ટીઓમાં, અને માન-પાનના મેળાવડાઓમાં પરનર સાથે હાથ મેળવી ગુડનાઇટ સર કહી દેડકીની પેઠે ફુલી મરનારી, ધણી અને ઘરની ગરીબાઇ સ્હામે ન જોતાં ફેન્સી પોશાક તથા અલંકાર માટે ગરીબડા ધણીને કરજના ઉંડા કુવામાં ઉતારનારી, દિવસે કે રાત્રીએ લોક લજ્જા સ્ત્રી ધર્મ અને નીતિને લાત મારી પર પુરૂષો સાથે બગીચામાં કે દરીયા કિનારે ફરનારી, પરતંત્રતાથી કંટાળીને કે યોગ્ય વર ન મળવાથી કુંવારી અવસ્થામાં બ્રહ્મચર્ય પાલન કરવાને બહાને કુકર્મનો ભંડાર ભરનારી, અભ્યાસને માટે લગ્નગાંઠથી મુક્ત રહેવાને બહાને કોલેજોમાં કે બહાર સેંકડોને કોલ કરારથી પ્રસન્ન કરી પિતૃકુળની ઉજવળ કીર્તિને કાળો ડાઘ લગાડનારી, સ્ત્રીઓ હવે તમે પૂર્વવત્ દેવીઓ બનો અને લાખો પુત્ર રત્નને ઉતપન્ન કરો કે જેથી રૂદન કરતી તમારી પવિત્ર માતાનાં અશ્રુઓ અટકે અને તેને સુખશાંતિ મળે

પ્રજા પ્રતિજ્ઞા

દેવી હિંદને માટે અમારો જાન છે કુરબાન;
વ્હાલી માતૃને માટે વિચરીએ ફરજને મેદાન. દેવી.

ત્હારાં અશ્રુનાં બિંદુ તણા ઉપદેશ પર દઇ ધ્યાન;
જગાવી જગત જાગીશું, તજી બહુ દીનનાં અજ્ઞાન..........દેવી.
અંગદ, મારૂતી, શુકદેવ, પામ્યા જેહથી સન્માન
અષ્ટાવક્ર, અર્જુન કરણ બળીયા ભીષ્મ પરશુરામ..........દેવી.
ધ્રી, શ્રી, સ્ત્રી, ક્રમે ધારી કરશું દેશનું કલ્યાણ.
આશ્રમવર્ણને પોષી બનીશું સ્વર્ગના મહેમાન..........દેવી.
ભણી ગણીને ગુલામીની કલંકીત માળને દઇમાન.
નહીં બનીશું અજા અમે, સ્વતંત્ર સિંહના સંતાન .....દેવી.
ધરો પ્યારા પ્રતિજ્ઞા લક્ષ, અનીતિ વ્યસનપર પાષાણ,
ફરીને કરો સત્વર બિચારી માતનું સન્માન..........દેવી.

જ્ઞાતિ મિલ્કતનો હિસાબ.

નથી વિદ્વતા વાપરી ન્યાતકાજે, નથી વાપરી પાઇ જો લોક લાજે;
નથી કાર્ય કીધાં ગણી જ્ઞાતિ પ્યારી, વૃથા જન્મ ખોયો કરી શી કમાણી?

\+ + + × ×

હશે તે કદાપિ બહુ લક્ષ્મીવાળો, વડો વૈભવી રાજવી ને રૂપાળો;
તથાપિ ન તેને વિવેકી વખાણે, ભરે પેટ તે કાગ કીડા પ્રમાણે.

જ્ઞાતિની મિલ્કતોનો ઘણે ઠેકાણે ગેર ઉપયોગ થાય છે, આગેવાનો હિસાબ બતાવતા નથી, કોઇ હીસાબ માગે તો પાંચ દશ આંધળાઓને બગલમાં ઘાલી તડ પાડી બેસે છે. એટલે હિસાબની

વાત ઉડી જાય છે, અને ઉલટો જ્ઞાતિમાં ક્લેશ કુસંપ ખડો થાય છે. એ જ્ઞાતિની મિલ્કત પચાવી બેસનારા અજ્ઞાન આગેવાનો-શેઠીઆઓ એ મહા પાપથી પોતાનું અને કુટુંબનુ સર્વસ્વ ગુમાવી ભીખારી બની જાય છે એના અનેક દાખલાઓ તમારી દષ્ટિસમીપ ખડા છે તે તપાસી જોજો.

જે જ્ઞાતિ સમાજની સ્થિતિ સારી હોય તેણે તો એક ખાસ મુનીમ રોકી નામું ચોખ્ખું રખાવવું, જેને પ્રતિ માસે ત્રિમાસે કે વર્ષે જ્ઞાતિના અમુક જનો તપાસી સહીઓ કરે અને બીજા સર્વ ગમે ત્યારે જોઇ શકે. જે જ્ઞાતિ ટુંકી હોય તેણે પોતાની મંડળીમાંથી ઓનરરી કામ કરનાર સત્યાચરણી માણસ નીમી લેવો. અને તેને ત્રણ કે પાંચ વર્ષે જરૂર બદલવો. આ પ્રમાણે દરેક કોમે પોતાનો વહીવટ ચોખો રાખવો જોઇએ. જ્ઞાતિનો વહીવટ કરનારાઓ કેટલેક ઠેકાણે સ્વચ્છંદી, સ્વતંત્ર, અને મિજાજી હોય છે તેમ કરતાં તેઓ દ્રવ્ય કે ચોપડાઓને દબાવી બેસે છે અને પછી જ્ઞાતિ તરફથી હીસાબ માગવામાં આવે તો સામે ડોળા કહાડી ધૂરકાવે છે, પણ અજ્ઞાન લોકો તેગના તેજમાં અંજાઇ તેમના મતને મળતા થઇ જાય છે અને એવા ઉડાઉગીર આગેવાનો છેવટે પોતાનું ધાર્યુંજ કરે છે. તેથી તેમની કીર્તિ સુખ, અને સત્તા સર્વનો નાશ થાય છે. અને જ્ઞાતિ પણ અધોગતિએ જાય છે માટે જે લોકો તેનો વહીવટ સારી રીતે ચલાવી શકે તેમનેજ તે કાર્ય સોંપવાની જરૂર છે જે લોકો જ્ઞાતિ મંડળો ન નભાવી શકે તે સ્વ રાજ્યને કેમ નભાવી શકે? એટલા માટે સ્વરાજ્ય મળે તે સાથે પ્રત્યેક જ્ઞાતિએ જુદાં જુદાં મંડળો સ્થાપન કરી બ્રાહ્મણ, ક્ષત્રીય,

વૈશ્ય શુદ્રે પોતાના પેટા ભાગો એક કરવા પ્રયત્ન કરવું અને સર્વ જ્ઞાતિનાં પુરૂષો સ્ત્રીઓ વિદ્યાર્થીઓએ તેમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેવો એમાંજ જ્ઞાતિનો, ધર્મનો અને દેશનો ઉદયમંત્ર સમાયલો છે. શરીર ક્ષણિક નાશવંતજ છે. તે જીર્ણુ થયા પછી કંઇ પણ થઇ શકશે નહીં.

પિંજરા પુરાણા હો ગયારે, ભાઇ ગંગારામા. પીંજરા
અષ્ટ નવમાસ ઉદરમે ઝૂલે, નવ સુમરે ભગવાના,
ઇતની બેર સંકટસે છૂટું, ના ભૂલુંગા તેરા નામા ભાઇ.
જગ આયે સુખ ભુલ ગઇ હો માયા મેં લપટાના,
ગર્ભવાસમે ભક્તિ કબુલી, અબકયું ફીરત ભુલાના ભાઇ.
બાલપના ખેલમેં ગુમાયા, તરૂન ભયે મરતાના,
વૃદ્ધ ભયે તન કાંપન લાગે, શિર ધુની ધુની પસ્તાના. ભાઇ.
અબહુ ચેત હેતકર હરિસેં, ગુરૂ ચરન ધરો ધ્યાના,
નિરમલદાસ દયા સદ્‌ગુરૂકી, જગત વિષય સમજાનાં ભાઇ.

પ્રીતકા વાયદા કરકે પ્રિયા—એ લય.

આવો સજ્જન સહુ હળી મળીને કરવા જ્ઞાતિ ઉદ્ધાર સહી:
કરવા જ્ઞાતિ ઉદ્ધાર સહી, વિદેશ ફરો કટિબદ્ધ થઇ.......આવો૦
મિથ્યા મોટાઇનાં મૂળ ત્યજી,, સત્ય, ક્ષમા, ગુણ લ્યોને સજી;
વેદ પુરાણે એ વાત કહી.................................કરવા૦
મિત્ર મંડળની સાથે રહો, ખટકો દિલનો ખરેખાત કહો;
ભૂંડા જનથી ભરમાશો નહી ....કરવા૦

સમજુ જનને સમજી ભળશે, અજ્ઞાનિ શીખામણથી મળશે;
અર્ધદગ્ધથી બ્રહ્મા વિરામ્યા જઇ..........................કરવા૦
ગદ્ધાને નવાડો ગંગામાં જઇ, તદપિ બનશે એ ગાય નહી;
સ્વાર્થી સુરદાસની શુદ્ધ ગઇ................. ....કરવા૦
પ્રપંચતણી પટલાઇ ત્યજી, રૂડી રીતમાં રાખે મત્ત હજી;
રેવાશંકર સમજે ધન્ય ઘડી..............................કરવા૦

ઉપદેશામૃતની ઉજાણીઓ.

गुणिनी गुणज्ञो रमते ना गुणशीलस्य गुणिनि परितोषः ।
अलिरेति वनात्कमलं नहि भेकस्त्वेक वासोऽपिः ॥

ગુણને જાણનાર ગુણવાનો પ્રત્યે રમે છે ગુણ વગરનાને ગુણવાનો પ્રત્યે સંતોષ મળતો નથી, ભ્રમર વનથી કમલ પ્રત્યે આવે છે, દેડકો કમળ સાથેજ રહે છે પરંતુ કમળ તરફ જતો નથી.

જ્ઞાન હીન પુરૂષો કે સ્ત્રીઓને જ્ઞાનનો વિષય રૂચતો નથી. પરંતુ જ્ઞાતિ નાયકોએ તેમને દુઃખકર માર્ગ ત્યાગ કરવાને વારંવાર બને તો પોતે, કોઇ જ્ઞાતિ વિદ્વાન પાસે અને તે પણ ન બને તો જ્ઞાતિ સુધારા વિષયનું સંગીન જ્ઞાન-શક્ત ધરાવનારા કોઇ પણ ઉપદેશક દ્વારાએ જ્ઞાતિ મંડળો મેળવી જે જે વિષય સમયપર જરૂર ના જણાય તે તે વિષયો ઉપર રસ ભરી રીતે સંગીત વ્યાખ્યાનો ધર્મ, નીતિ યુક્ત કરાવવાં એનું પરીણામ એ આવશે. કે જ્ઞાતિ-

જનો સખ્તાઇથી જે કાર્ય કરવા તૈયાર નહીં હોય તે સહેલાઇથી ઉત્સાહ પૂર્વક કરી શકશે.

અધુના જ્ઞાતિના આગેવાનોની સ્થિતિ પ્રાયઃપ્રસંશનીય હોતી નથી એટલે પોતાનું તથા જ્ઞાતિનું અહિત કરનારીજ હોય છે. જે માટે એક નાનકડું કાવ્ય ચિત્ર રજુ કરવામાં આવે છે. આશા છે કે આગેવાનો તેપર વિચાર કરી સુખી થશે.

કવ્વાલી.

વારસ વિણ કોઇ ન્યાતે મરે,
તો દિવાળી ગણી મન મોજ કરે,
ખાઇ પીને ખુબ પારકા દ્રવ્યથી પેટ ભરે, વારસ૦

હોય પિત્રાઇ તેને ધક્કો ધરી દે,
બીજા સર્વ મળી મિલ્કત લઇ લે;
પાપની પુંજી પડાવી લઇ,
નિજ પુણ્યના પુંજમાં આગ ધરે. ખાઇ૦

થોડું દ્રવ્ય ધરીને ઉજાણી કરે,
વરસે વરસે તેનો ભાગ મળે;
પછી પાપના નાણાનું લાણું કરી,
બળ બુદ્ધિ ગુમાવીને આપ મરે, ખાઇ૦

ગુનેગારની પાસે કઢાવીને દામ,
બહુ એશ બનાવે છે ભોજન ધામ;

પછી પાપની શાળામાં પાક કરે,
ગણે વસ્તિને કેમ ધરે છે અરે? ખાઇ૦
એવા પાપી પટેલો જે ન્યાત તણા,
સદ્ધર્મ સુવિદ્યામાં ચિત્ત વિના;
તેવા એવા જે જ્ઞાતિ બગાડી મરે,
પછી શ્વાનને કિટક દેહ ધરે, ખાસ૦

વિદ્યા વૃદ્ધિની જરૂર.

शुनः पुच्छमिव व्यर्थं जीवितं विद्यया विना ।
न गुह्यगोपने शक्तं न च दंशनिवारणे ॥

વિદ્યા વિનાનું માનવીનું જીવતર કૂતરાના પુંછડાની પેઠે વ્યર્થ છે. શ્વાનનું પુચ્છડું જેમ ગુહ્ય ભાગને ઢાંકી શકતું નથી. અને મક્ષિકા ઉરાડવા પણ કામ લાગતું નથી. તેમ

કવાલી

અરે સરદાર જ્ઞાતિના, હૃદયમાં કંઈ દયા રાખો;
વિદ્યા વૃદ્ધિને માટે, કૃપણતા દીલના રાખો. અરે.
ભોજન ગૃહને બનાવીને, પાત્રો રૂડાં વસાવીને.
ચુને પથ્થર જડાવીને, ખરચીયાં દામ છે લાખો અરે.

ઘણી છે પંચની પુંજી, છતાં સદ્‌બુદ્ધિના સુજી,
તડાં પાડી મુવા મુંજી, વિચારો એ હવે ત્યાગો. અરે.
વિદ્યાર્થી અને વિધવા, કરો તેની જરા પરવા;
નિરાધારો પડયાં મરવા, દયા તે ઉપરે નાખો. અરે.
ઉજાણીમાં ઉડાવો છો, પ્રીતે ભોજન ચડાવો છો;
બુદ્ધિને જડ બનાવો છો, સુવિદ્યા સ્વાદને ચાખો. અરે.
બોર્ડીંગો બનાવીને, સ્કોલરસીપો નિભાવીને;
દેશ હિત મન લગાવીને, શ્રેષ્ટતા ને તમે દાખો. અરે.
વિક્રય દોષને ટાળો, બાળ લગ્નો બુરાં બાળો;
વૃદ્ધ લગ્નોને વિસારો, થયો છે કંઇક નો સાખો. અરે.
હિંદ દેવી રહી રડતી; નથી તેની દયા અડતી;
"રેવા પટલાઈ મુકો ગડતી, કે પાયો જ્ઞાનનો નાખો. અરે.

અત્રુના ગુજરાતમાં દરેક જ્ઞાતિની ભોજન શાળાઓ,—જમવાની વાડીઓ રસોઇ બનાવાના વાસણો અને ચુલા માટે જેટલી કાળજી રાખવામાં આવે છે. તેટલી કાળજી પોતાનાં પ્રાણુથી વ્હાલાં બાળકો બાળકીઓ કે જેમને જ્ઞાતિની અને પોતાની સઘળી મીલકત વારસામાં સોંપી જવાની છે તેમની તથા જેણે જીવન આપ્યું છે, સુખી રાખ્યા છે અને સંતતિ સંપત્તિ આપી છે તે પ્રભુની પણ નથી રખાતી.

બાળક બાળકીઓ! જેમના ઉપર પોતાના જીવનનો પૂર્ણ આધાર છે. અને જેમના હાથમાં પોતાની કીર્તિ ધ્વજા કાળો ડાઘ ન લાગે તેવી ઇચ્છાથી સોંપવામાં આવનાર છે તેમના તરફ જરા પણ લક્ષ ન અપાય એ પશુબુદ્ધિ નહીં તો બીજું શું છે?

એજ બાળકીને ખાતર માતા પિતા થોડું ખાય છે, બહુ દુઃખ વેઠે છે ગમે તેવા ન્યાય અન્યાયથી દ્રવ્ય જમા કરે છે, મકાનો બંધાવે છે અને વાડી વજીફા વસાવી મરતી વખતે સોંપી જવામાંજ સુખ માને છે. પરંતુ સદ્‌વિદ્યારૂપી ધન નથી આપવામાં આવતું તો એ સોંપેલી સર્વ સમૃદ્ધિ એક બે વર્ષમાં ફના થઇ જાય છે અને માત પિતાના નામને કલંક લાગે એવા ધંધા કરાય છે ઘણા દાખલા આવા તમારી નજર સમીપ ખડા છે.

એવાં અનેક કારણોથી હિંદની સ્થિતિ અહુના દયાજનક થઇ પડી છે, જે હિંદ હીરામાણેક સુવર્ણથી ભરપુર હતું. જેનાં બાળકો કોહીનૂર જેવાં રત્નોથી રમતાં હતાં, જેના માલીકોને બેસવાને પાટલો (મયૂરાસન) સાડા છ કરોડની કિમતનો હતો. જેનાં સુખ જોઇ ઈંદ્રાદિ લોભાતા હતા. તે હિંદનાં બાળકોને ટંકે ખાવાના ટુકડા રોટલાના પણ વાંધા છે. પહેરવાને વસ્ત્રના વાંધા છે અને સુવા બેસવા ઉભા રહેવાને જમીનના પણ વાંધા છે એટલુંજ નહીં પણ કઇ ઘડીએ તે કઇ સ્થિતિમાં મુકાશે તેમાં પણ શંકા છે. આ સર્વનું કારણ સદ્‌વિદ્યાનો અભાવ, સદ્‌જ્ઞાનનો અભાવ શારીરીક બળનો અભાવ, સ્વતંત્રતાનો અભાવ, સ્વધર્મનો અભાવ અને છેવટે સદ્‌ગુરૂ, સદુપદેશકોનો અભાવ એજ પ્રબલ કારણ છે.

ઘણી જ્ઞાતિઓમાં પ્રતિવર્ષ ઉજાણીઓ માટે મરનારા રૂપીયા મુકી જાય છે. જેના દર વર્ષે અનેક ઓચ્છવો જમણવારો થાય છે. પ્રિય પાઠકો જરા જ્ઞાન પૂર્વક વિચારશો તો સમજાશે કે મરનારા

લોકો આ રૂપીઆ જ્ઞાતિને જમાડવા માટે મુકી જતા નથી પરંતુ જ્ઞાતિને મારવાને માટેજ મુકી જાય છે કારણ તેનો સદુપયોગ કંઇ પણ થતો નથી.

જ્ઞાતિના નિરાધાર વિદ્યાર્થીઓના અભ્યાસને માટે ગરીબ બિચારી નિરાધાર નિર્દોષ વિધવાઓને જ્ઞાન દાન મળે તે માટે, અને જ્ઞાતિમાં ઘર કરી બેઠેલા અનેક કુધારા-રાક્ષસોને જડ મૂળથી મારી કહાડવાને માટે મરનારા કે જીવતા રહેલાઓ તરફથી એક પાઇનો પણ વ્યય થતો નથી. કહો પ્રિય સજ્જનો! આ જ્ઞાનહીન અને દેખાદેખી કરનારી જ્ઞાતિ સમાજોની ઉન્નતિ કેવી રીતે થઇ શકે એમ છે? બંધુઓ! તમારી આસપાસ ઘણી જ્ઞાતિઓ જાગૃત થઇ છે તેમણે પોતાના બાળકોને સદ્વિદ્યાના ઉપાસક બનાવ્યા છે.

લાઇબ્રેરીઓ, સ્કોલરશીપો, બોર્ડીંગો, અન્ન, વસ્ત્ર, ફી વિગેરે મદદો બાળક બાળકીઓને તથા સ્ત્રી સમાજ સધવા વિધવા અને કન્યાઓને તેમના ધર્મનું જ્ઞાન મળે તેવી ઉપદેશની અને અભ્યાસની પૂર્ણ મદદ મળે તેવી યોજનાઓ ઘણી જ્ઞાતિઓએ અમલમાં મુકી છે. તમે તેમ કરવામાં ચુકશો તો જ્ઞાતિ મૂલ કે જેને કુચાલનો સળો લાગ્યો છે તે થોડા સમયમાં જરૂર નષ્ટ થઇ જશે એ લક્ષમાં રાખી કંઇક કરવાને કટિબદ્ધ થજો.

(ધર્મ ઢોલ વાગતે ધોવાય છેરે અરર આજ.
જ્ઞાતિ મૂલ નષ્ટ થતુ જાય છેરે અરર આજ
જ્ઞાતિ મૂલ નષ્ટ થતું જાયછે.................જ્ઞાતિ.
વિક્રમ રૂપી લુણો લાગ્યો એના મુલમાં;
ઇર્ષા દ્વેષને કુસંપ અવિદ્યાથી ભૂલમાં;
દિન દિન અધોગતિ થાય છેરે..................અરર,

લક્ષ્મી સુખ સંસારતું તે વિના જરાએ;
વિદ્યા વિના બુદ્ધિ વૃદ્ધિ કદી નહીં થાયે;
મળે નહીં દુઃખમાં પીલાય છેરે..................અરર.
અંત્યજોએ ભણી ગણી વેદ વાણી ભાખે;
શૂદ્રો પામ્યા ઉચ્ચ પદ્દીજગ આખે,
જાગૃતિમાં સર્વ કો જણાય છેરે ....અરર.
રાગ દ્વેષ તજી જરા આંખડી ઉઘાડો;
બાળકોને સ્વાદ સદ્ વિદ્યાનો ચખાડો;
"રેવા" બ્રહ્મપદ સિદ્ધ થાય છે રે................અરર.

જ્ઞાતિના આગેવાનોને અર્પણ.

ઉપદેશમાળા.

માલા ફેરત જનમ ગયા, ગયા ન મનકા ફેર;
કરકા મનકા મેલ કે, મનકા મનકા ફેર.

\+ + + ×

માલા બનાઇ કાષ્ટકી, મહી પરોયા સૂત,
માલા બિચારી કયા કરે, ભજને વાલા ભૂત.

નિત્ય પ્રાતઃકાળમાં થોડું ઘણું પૂજનાદિ કરી માળા ફેરવવાનો સ્તુત્ય નિયમ હિંદુ સમાજમાં હોય છે એવી અનેક માળાઓ ફેરવાઇ રહી છે છતાં સમાજોન્નતિને બદલે અધો ગતિ થઇ છે. ઉન્નતિની તીવેચ્છા રાખનારા સજ્જનો એ તો કાષ્ટની માળા ફેરવતાં પહેલાં નીચે બતાવેલી માળાનો સાર્થ પાઠ કરી જવો અને માળાના અંતમાં નિત્ય, પ્રતિમાસે, કે વર્ષે તેમાંથી થોડું પણ પોતે પાલન કરવા અને અન્યને પાલન કરાવવા યત્ન કરવા દૃઢપ્રતિજ્ઞા કરવી. જો એ પ્રમાણે આ માળાનો જપ કરવાનું કામ જ્ઞાતિજનો અને આગેવાનો સ્વિકારશે તો તેનું પૂર્ણ ફળ પોતાની, ધર્મની, દેશની અને પ્રાણી માત્રની ઉન્નતિ થયા વિના રહેશેજ નહીં.

૧. જે જ્ઞાતિમાં તમે આગેવાન તરિકે ચુંટાયા છો. યા ચુટાવાના છો, તે મંડળનું શુભ કેમ થશે? એ વિચાર તમારે એક ક્ષણ પણ વિસારવો જોઇએ નહીં.

૨. તમે જેમાં મુખ્ય છો! જેના મુરબ્બી છો? અને જેના પર હકુમત ચલાવો છો તે જ્ઞાતિ મંડળ પ્રતિદિન વિપત્તિના સમુદ્રમાં શાથી ડૂબે છે. તેનાં સમસ્ત કારણોની સૂક્ષ્મ દૃષ્ટિએ શોધ કરજો અને તે કારણોને સત્વર હાંકી કાઢવાને ચાંપતા ઉપાય લેજો.

૩. તમે જેના સરદાર છો! એવી તમારી ગરીબડી જ્ઞાતિના બાળકો જે ભવિષ્યમાં તમારી ગાદી-ખુરશીને શોભાવવાને પાત્ર છે. તેમને ધાર્મિક. શારીરિક અને વ્યવહારીક નીતિનું શીક્ષણ જ્ઞાન મળે તે માટે પૂર્ણ કાળજી કરજો

૪ કન્યાઓને કેળવણી આપજો, અપાવજો પરંતુ તે કેળવણી વિષમિશ્રીત ન હોય એ ખૂબ લક્ષમાં રાખજો નહિં તો તમારી જ્ઞાતિમાં પ્રજા, અધર્મી, વર્ણશંકર, બની સ્વચ્છંદે ચઢી તમારી ખુરશીઓ, ગાદીઓ તથા સત્તાને તિરસ્કાર કરનારી થશે

૫. કન્યાઓને પાશ્ચિમાત્ય ભાષામાં પ્રવીણ કરવા કરતાં, પહેલાં માતૃભાષા સંસ્કૃત તરફ વાળજો જેથી સુસંસ્કૃત બની સદ્‌ગ્રંથ વાંચી, સદ્‌વિચાર પોષી, પોતાનું પિતૃકુલનું સ્વસુર–સ્વામિકુલનું અને સમાગમમાં આવનાર સર્વનું કલ્યાણ કરી શકે.

૬. સ્ત્રીઓ સ્વચ્છંદે વિચરનારી, મર્યાદામાં આગ સળગાવનારી પતિને ઢેમ કહી કલેશ ઉપજાવનારી, સાસુ અને સસરાને તિરસ્કાર કરનારી, સ્થિતિ ઉપરાંત પતિને ખર્ચના ખાડામાં ઉતારનારી, પરજનથી હાથ મેળવી પ્રસન્ન થનારી, એકાંતમાં અન્ય પુરૂષોથી વાર્તાલાપ કરનારી, પતિવ્રતની સુંદર સાડીને અનાચાર ગળીમાં રંગનારી અને ગૃહસ્થાશ્રમને દુઃખાશ્રમ બનાવનારી ન થાય તે માટે બહુ સાવચેતી રાખજો.

૭. પતિ પ્રિયા લગ્નના કરારો સમપદી યથેચ્છ સમજે, પુરોહિતો તે લગ્ન પ્રસંગમાં યથેચ્છ સમજાવે, માતપિતા અને જ્ઞાતિ જનો તેમાં લક્ષ આપે, લગ્ન ક્રિયાનો પૂર્ણ હેતુ સમજાય, લગ્નની ગાંઠ મજબુત સંધાય અને ગૃહસ્થાશ્રમ નમુનેદાર બને તે માટે સઘળું કરજો કરાવજો.

૮. ગૃહસ્થ બ્રહ્મચર્ય પાલન કરાય, એક પત્નીવ્રત અને એક પતિવ્રત પળાય, સંસ્કાર તરફ પૂર્ણ પ્રેમ ભરી દ્રષ્ટિથી જોવાય અને વીર, ધીર, ધર્મ નિષ્ઠ પ્રજા ઉત્પન્ન કરી દેશોદય કરી શકાય તે માટે તન, મન, ધનનો જોઇતો ભોગ આપજો,

૯. વિધવાઓ પોતાના ધર્મ સ્હમજે, સાધુ જીવન ગાળનારી થાય, સાદું ભોજન કરી સાદાં વસ્ત્ર પહેરનારી થાય. અનાચાર હોળીને શાંતિના જ્ઞાનના મનોજયના સુંદર જળથી હોલવી શકાય. જીવનનો ઉપયોગ જ્ઞાતિ, ગ્રામ અને દેશ સેવામાં કરનારી થાય તથા વૈરાગ વૃત્તિથી ઇષ્ટ કૃપા પ્રસાદીને અનુભવ કરનારી થાય એ માટે કટિબદ્ધ થઇ દિનરાત યત્ન કરજો

૧૦ તમારી જ્ઞાતિમાં અનાથ નિરાધાર વિધવાઓ હોય તેમનો ખાવાનો પીવાનો રહેવાનો બંદોબસ્ત કરો, તથા ભણાવી વ્યવહાર નીતિ, ધર્મ અને જ્ઞાન કુશળ બનાવી જ્ઞાતિ સેવામાં ઉપયોગી થાય તેમ કરજો. અનાથ ગરીબ વિધવાઓ વિપત્તિથી અનાચાર ન કરે અને તેમનાં બાળકોને બાળાશ્રમમાં મોકલવાનો વખત ન આવે તે માટે પુરતું લક્ષ આપજો.

૧૧ છોકરાઓ અને કન્યાઓ વિદ્યા ભણી ધણી ભાષાઓ શીખે તે પહેલાં બાલ્યાવસ્થામાંજ તમે જે જાતીમાં છો તે વર્ણાશ્રમ ધર્મનું યોગ્ય જ્ઞાન અને જ્ઞાનાર્થે નિત્ય નૈમિત્તિક કર્મોપાસના વગેરે તેમના સુકોમલ પવિત્ર હૃદય મંદિરમાં કોઇ પણ પ્રકારે મુકી આપજો.

૧૨ બાળકો અને બાળીકાઓના હૃદય મંદિરમાં મહા પ્રયત્ને તમે જે જરૂરનો માલ મુકયો છે, મુકાવ્યો છે. તે સળી ન જાય, બળી ન જાય, ચોરાઇ ન જાય, પવનથી ઉડી નજાય, અને કીચડમાં દટાઈ ન જાય તે માટે પ્રતિમાસે, ત્રિમાસે અને મોડામાં મોડુ ષણ્માસે છમાસે; એટલે વર્ષમાં ઓછામાં ઓછી બે વખત તેમની તપાસ કરજો. એટલે તેમને તે તે વિષયોમાં પુષ્ટિ મળે તેવા ઉપદેશ બોધ, જ્ઞાનનો ખોરાક આપજો. અપાવજો. આગેવાન થઇ તમે ઘણું કરો છો, પરંતુ આ કાર્ય કરવામાં ભુલ કરશો તો તમે ફરજ બજાવવામાં ભુલ્યા છો એ માનજો અને તેનાં અનિષ્ટ પરિણામનું પારસલ તમનેજ મળશે. એ લક્ષમાં રાખજો.

૧૩ જ્ઞાતિના દ્રવ્યમાંથી પ્રતિવર્ષ નીતિશિક્ષણ વધે, તે માટેની હરિફાઇ વધે અને સ્રીપુરૂષો નીતિની પવિત્ર પ્રતિમા જેવાં અન્ય જન દૃષ્ટિએ પુજનીય થાય. એ યોજના ભૂલશો નહીં.

૧૪ તમારી જ્ઞાતિને પ્રતિવર્ષ, ઉજાણીઓ, પ્રેતભોજન, પ્રાયશ્ચિતભોજન વિગેરે જાફતો. પાપરૂપ આફતોના ક્ષણિક સુખમાં ડુબતા બચાવજો અને તેને બદલે ધર્મ, નીતિ, અને જ્ઞાનનાં સુખકર ભોજનો જમાડી તૃપ્ત કરજો.

૧૫ જ્ઞાતિનાં બાળકો સુખી, નિરોગી, ઉત્સાહી સ્વાશ્રયી, સબળ, નિડર, ઉદ્યમી કુટુંબ, જાતિ, દેશ અને ધર્મનાં રક્ષક બને તે માટે જ્ઞાતિ તરફથી વ્યાયામશાળા ખોલી તેમની સર્વ પ્રકારની શકિત ખીલવવા પ્રયત્ન કરજો.

૧૬ બાળલગ્ન, મર્યાદા રહીત લગ્ન, વૃદ્ધલગ્ન, કન્યાવિક્રય, કજોડાં અને સાટાં ત્રેખડાં જેવી દુષ્ટ રૂઢીઓને હીમતથી હાંકી કાઢજો કઢા- વજો. નહીં તો તે તમને પોતાને અને તમારી આખી જ્ઞાતિને ભક્ષણ કરી જશે.

૧૭ નઠારા જ્ઞાતિવરાઓને બંધ કરી કરાવી, તેને બદલે વિદ્યાવૃદ્ધિફંડ, જ્ઞાનપ્રચારક ફંડ અને સ્ત્રી સંરક્ષક ફંડ વિગેરેમાં નાણાં ભરાવી ભરનારનું - તમારૂં અને સમસ્ત જ્ઞાતિનું કલ્યાણ સાધજો

૧૮ જન્માષ્ટમી, રામનવમી, શિવરાત્રિ, દીવાળી, હોળી, વિગેરે તહેવારોમાં પ્રભુની છબીઓ અને પ્રતિમાને પૂજો છો, સેંકડો રૂપી- યાનો વ્યય કરો છો અને ભકિત કરો છો તેની સાથે તમારી જ્ઞાતિનાં સ્ત્રીપુરૂષો હાલતા ચાલતા દેવોની પૂજાને કદી પણ ભૂલશો નહીં. તેના વિના મૂર્તિઓ કે છબીમાંનો દેવ તમારા તરફ દ્રષ્ટિ પણ કરશે નહીં એ લક્ષમાં રાખજો.

૧૯ અધર્મ, અજ્ઞાન. અને અનીતિને જ્ઞાનદાન આપી દૂર કરનારા સદ્ગુરૂ શોધી કહાડજો, તમે તમારા પરંપરાના ગુરૂને ભલે કાયમ રાખો પરંતુ તમારૂં ગૃહસ્થાશ્રમ સુધરે, અનીતિ ટળે અને હૃદય મંદિરમાં શાંતિની પવિત્ર પ્રતિમા ખડી થાય તેવું જ્ઞાન ગમે તે દુકાને-ગુરૂને ત્યાં મળતું હોય તો તે લેવાને કદી પણ ચુકશો નહી.

૨૦ કોરટનો તમારો સાધારણ કેસ પણ તમે સારા હુશિયાર વકીલને શોધી આપો છો બાપદાદાએ કરી મુકેલો વકીલ કાયમ

રાખતા નથી તો પછી સંસાર સમુદ્રનાં તોફાનની તુરંગોમાં ગોથાં ખાતું તમારૂં નરદેહ નાવડું બચાવવાનો ભયંકર કેસ કોને સોંપવો તેનો વિચાર તમે પોતેજ કરી લેજો?

૨૧ અંધકારને દુર કરે તેજ સૂર્ય કહેવાય છે. તેમ હૃદયમાં રહેલું અજ્ઞાન ત્રિવિધિ તાપ અને જન્મ મરણની પીડાને ટાળી નાખે તેજ ગુરૂ કહેવાય.

૨૨ કદીપણ પક્ષપાતથી ન્યાય કરશો નહીં તમને જે ગાદી મળી છે તે શકિત છે. અને તે તમારો અન્યાય, અધર્મ, સહન કરી શકનાર નથી.

૨૩. તમે સર્વમાં મોટા મનાયા છો તો કોઈપણ કાર્ય સાધવાને તમારા પોતાના પગ ઉપર પ્રથમ કુહાડો મારજો એટલે બીજા સર્વ તમારી નકલ કરવાને તૈયાર થશે.

૨૪. બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શૂદ્ર એ ચારજ જ્ઞાતિ પ્રથમ હતી એ પુરાવો વેદ, ગીતા વિગેરે ધર્મ ગ્રંથો આપે છે. એ વચનોને તમે કેવી રીતે માન આપ્યું છે અને આપો છો એનો શાંતિથી વિચાર કરજો

૨૫. બ્રધરહુડ, આર્ય સમાજ, પ્રાર્થના સમાજ, હોટેલો વીશીઓ અને ટીફીન યુકત ટીપાર્ટીઓ જગતને પોતાના રંગમાં રંગી રહી છે. સર્વ વર્ણને એક કરી રહી છે ત્યારે તમે પોતાની જ્ઞાતિના નજીવા પ્રસંગને લઈને થયેલા ટુકડાઓથી મળવા તૈયાર થતા નથી એનું પરિણામ શું આવશે તેનો વિચાર કરજો?

૨૬. ટુંકી જ્ઞાતિઓમાં, કન્યા આપવા લેવાને યોગ્ય વર વધૂ મળતાં નથી. તેથી આંખો મીચી ગમે તેવાં કજોડાં, વૃદ્ધ વિવાહ કે બાળલગ્ન જેવાં કુકર્મ કરવાં પડે છે એ માટે જોખમદાર કોણ છે? તે વિચારજો.

૨૭ બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય વિગેરે પરસ્પર પોતાની પેટા જ્ઞાતિઓના આચાર વિચાર શુદ્ધ કરી એક થાય તો શું હરકત છે? શાંતિથી વિચારજો.

૨૮, આચાર વિચાર, અને શુદ્ધતાને માટે, હોટેલો, વિશીઓ, ટીફીન પાર્ટીઓ, બજારૂ ખાવાના પદાર્થો વેચતી દુકાનો અને વિલાયતી દવાઓની સૂક્ષ્મ દ્રષ્ટિએ તપાસ કરજો.

૨૯. તમારી આગેવાનીમાં બીજા યુવકો, આ જ્ઞાતિ સંસ્થા, સ્વરાજ્ય ચલાવવાને લાયક શકિતવાળા થાય તે માટે કાળજી રાખજો.

૩૦. તમારી જ્ઞાતિની તકરાર ઝઘડા બીજી જ્ઞાતિ તરફ કે સરકાર સુધી ન જવા પામે એ માટે શાંતિ પૂર્વક પક્ષપાત છોડીને સદ્‌બુદ્ધિનો ઉપયોગ કરજો

૩૧. યોગ્ય ઉમરના અધીકારી સ્ત્રીપુરૂષોને અધ્યાત્મજ્ઞાન. આત્મશાંતિ મળે તે માટે યોગ્ય ગોઠવણ રાખજો,

૩૨, જીવનની સમાપ્તિ પહેલાં તમારી જ્ઞાતિ માટે, કુટુંબ માટે, ગામ માટે દેશ માટે ઘણું સારૂં કરી જજો કે જેથી જ્ઞાતિજનોનાં અને દેશના સ્ત્રીપુરૂષોના હૃદય મંદિરમાં તમારી પરોપકારી પ્રતિમા સદાને માટે કાયમ રહે.

આ બત્રીસ મણકાની માળા દરેક જ્ઞાતિના આગેવાનોના કોમળ કંઠમાં અર્પણ કરવામાં આવે છે. આશા છે કે આગેવાન સજ્જનો તેને હૃદય પ્રદેશપર ધારણ કરી નિત્ય નિત્ય વિચારશે અને જ્ઞાતિનું તથા પોતાનું કલ્યાણ કરવાનાં પગલાં ભરશે તો આ માળા ગુંથનાર ગુંથાવનાર ઉભયનો શ્રમ સફળ થયો મનાશે,

એક પાશ્ચિમાત્ય પંડીત રેવરન્ડ સાહેબ હિંદવાસીઓને માટે પોતાના વિચારો પ્રદર્શિત કરે છે, તે નીચે પ્રમાણે છે.

હે ભારત વાસીઓ! તમને તમારા પોતાના કલ્યાણની અભિલાષા હોય તો તમારામાં પ્રથમ તમારા દેશનું હિત કરવાની ઇચ્છા હોવી જોઇએ. અને તેમ કરવા માટે તમો પશ્ચિમની પ્રજાના કેટલા એક સ્તુત્ય વિચારોને અમલમાં મુકો, સાહસ, ધૈર્યતા અને દેશ દાઝને સમજો તથા પરતંત્રતાની ગુલામગીરીની દુઃખ ભરી બેડીમાંથી મુક્ત થવાને યત્ન કરો.

તમારા બંધુ વર્ગમાં ઐકયતા વધારો. તમારા ભિન્ન ભિન્ન પક્ષરૂપ પુષ્પોમાં ઐકયતારૂપી સૂત્રનો સ્વદેશ પ્રેમ પરોવી દો અને તમારા પોતાના ધર્મ નીતિ અને વ્યવહારને સત્ય સુવર્ણના સુંદર સિંહાસનપર પધરાવો એથીજ તમારૂં કલ્યાણ થશે.

યુરોપાદિ પ્રદેશોમાં ઘણા જુદા જુદા મત પંથો છે પરંતુ દેશ હિતનો સવાલ આવે છે ત્યાં અંદર અંદરની તકરારોને તજી સવ લોકો ઐકયના સજી સાર્વજનિક હિતમાં ભાગ લે છે અને તેથીજ તેઓ આપણા ઉપર પોતાની સત્તા ચલાવી રહ્યા છે આપણી એ ખામી પુરાય નહી ત્યાં સુધી ઉદયની આશા રાખવી એ વ્યર્થ છે;

આપણે મતમતાંતરના કે જ્ઞાતિઓના તડફડના ઝઘડામાં પડી સઘળું ગુમાવ્યું છે અને હજી ગુમાવી રહ્યા છીએ. હાય આના કરતાં બીજી આત્મહત્યા કઇ હશે? "કુસંપનાં કડવાં બીજ વાવી અમૃત રસ નહિ પીશો" આધુનિક સુધારકો કે જે સંપના ભાષણો ભરડતા કુસંપના કુવા ખોદતા જાય છે. તેમણે ખાસ વિચારવાની જરૂર છે કે હિંદનું ભવિષ્ય તેઓને હાથે વિશેષ બગડે છે. અંદર અંદરના જ્ઞાતિ ઝઘડાઓમાં બહાદુરી બતાવવી હોયતો જાણે પુત્રના લગ્નમાં જતા હોય એમ શ્રીફળની આશાએ આનંદથી આગળ વધે છે અને જ્ઞાતિહિતનો સવાલ આવે છે ત્યારે કાચબાની પેઠે મુખ છુપાવી દે છે એજ પડતીનું કારણ છે. દરેક જ્ઞાતિવાળા મતવાળા અને પંથ-વાળા માંહોમાંહેથી દ્વેષબુદ્ધિને કાઢી નાખી દેશોન્નતિની ઉચ્ચ અભિ-લાષાઓને પોતાના હૃદય મંદિરમાં સ્થાન આપશે તો હિંદવાસીઓ સત્વર સુખી થશે એ નિ:શંક છે.

સ્વાર્થાંધતા, દ્વેષ, અને અનાચારની પ્રગટેલી આ ભયંકર હોળી હિંદમાં નિત્ય ઘેર ઘેર સળગી રહી છે છતાં પ્રતિવર્ષ ઉજવવામાં આવતી ફાલ્ગુનપૂર્ણિમાની હોલીકામાં આ સુધરતા જમાનામાં જે અનાચાર, કુરૂઢી દેખાય છે તે દીલગીરી ઉપજાવે છે હવે એ પરંપરાની હોળી છોડી સત્ય સિદ્ધાંત ધર્મનો પ્રચાર કરનારી હોળીની જરૂર છે.

હોરી.

સજ્જન સંત સુધાર, જમાનો જંગ મચાવે; સજ્જન.
આર્ય તણા સંસારી બ્હેનો, રીત રિવાજ રસીલાં,
સદુપયોગ કરે નર નારી, થાય તે લીલાં પીળાં;
ખરે દીલ રંગ બતાવે. સજ્જન.

ફાગણુના સૌ ફાગજ ગાતાં, તન મન તત્ત્વ ગુમાવે;
ભાવી પ્રજાનાં હીત બગાડી, સાચાં સુખ વીતાવે;
ફક્ત અજ્ઞાનને ભાવે. સજ્જન.

આર્ય ધર્મનાં જો સિધ્ધાંતો શુધ્ધ-વિશુધ્ધ જણાયે;
મતલબ અંધા-ઉલટા અર્થે, અજ્ઞાની તો નીમાયે,
અપ શબ્દો ઉચરાવે. સજ્જન.

ખેલો નાચો કુદો રંગે, રંગ ઉડાવો રાગે;
રીત અનેક વીવેક ન ચૂકો, શું કો ગળવા ન ધાગે;
ચેતો ભાવિ પ્રભાવે. સજ્જન.

પ્રાચીન રૂઢીને વચનોના, મર્મ તપાસો સુવિચારે;
નિજ કલ્યાણુના માર્ગ મળે બહુ, શાંતિ ભળે સંસારે,
ભ્રાંન્તિ ભાગે સુભાવે • સજ્જન.

જ્ઞાતિના આગેવાનોને રસમય ચટણી.

સૂર્યોદય પહેલાં ઉઠવું, દંતધાવનાદિ ક્રિયા કરી સ્નાન કરવું, નિત્ય નૈમિત્તિક કર્મ સ્વાશ્રમ ધર્મ પ્રમાણે કરવું દેવ-ગુરૂ પર પ્રીતિ-ભક્તિ રાખવી, ઘરનાં માતા, પિતા, વડીલોને વંદન કરવું તેમની આજ્ઞા પાળવી. વડીલ વર્ગ આવે ત્યારે ઉભા થઇ તેમને માન આપવું અતિથીઓનું પૂજન કરવું હિતકર વાર્તા લક્ષમાં રાખવી, માતા પિતા, ગુરૂ, સ્ત્રી વિગેરેનું પાલન કરવું. અન્યાયથી દૂર

રહેવું. સ્વ સ્ત્રી તરફ માન ભરેલી દૃષ્ટિએ જોવું તેને શણગાર વસ્ત્ર આપી સંતોષવી અને તેથી અધિક તેને તેના ધર્મનું જ્ઞાન આપવાની કાળજી રાખવી, પુત્રોને વિનય યુક્ત કરવા, નિત્ય જ્ઞાન લેવા માટે વડીલો કે જેમની પાસેથી જ્ઞાન મળે છે તેમની સેવા કરવી, પરધન હરવું નહી. આહાર વિહારમાં નિયમિત થવું ઘેર આવનારને માન, પાણી, મિષ્ટ મધુરી વાણી અને શક્તિ મુજબ ભોજન વિગેરે આપી સંતુષ્ટ કરવો રાત્રીએ દ્વાર છોડી રખડવું નહીં. આવક તપાસી જાવકનાં દ્વાર ખુલ્લાં મુકવાં જે કરવામાં અપયશ મળે બીજાને પીડા થાય અને ધનનો નાશ થાય તે કાર્ય ભયથી અને લોભથી કદી પણ કરવું નહીં. જે કાર્ય કરવું હોય તેનો પૂર્ણ વિચાર કરી પછી આરંભ કરવો. મન વાણી અને કાયાથી કદી પણ કોઇનું અહિત કરવું નહીં.

બહુ પુણ્ય કેરાં પુંજથી શુભ દેહ માનવનો મળ્યો;
તો'યે અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે, કાં અહોરાચી રહો?

\+ × ÷ +

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નવ ગ્રહો
વધાપણું સંસારનું નરદેહને હારિ જવો,
એનો વિચાર નહીં અહોહો? એક પળ તમને હવે!!

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ હયો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શકિતમાન જેથી જંજિરેથી નીકળે !!
પર વસ્તુમાં નહિ મુંઝાવો એની દયા મુજને રહી,
એ ત્યાગના સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ.

× + +

હું કોણ છું કયાંથી થયો ? શું સ્વરૂપ છે મારૂં ખરૂં ?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરૂં ?
એના વિચાર વિવેક પૂર્વક શાંત ભાવે જો કર્યા.
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્વ અનુભવ્યાં.

+ × + ×

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, તેહ જેણે અનુભવ્યું,
રે' આત્મતારો આત્મતારો શીઘ્ર એને ઓળખો
સર્વાત્મમાં સમ દ્રષ્ટિથી આ વચનને હૃદયે લખો.

(મન માયાના કરનારારે જરી જોને તપાસી.)

મિથ્યા મોટાઇને તજી આવોરે,
આજે ઐકયતાનો ઝુંડો ઉડાવો.
દ્વેષ ઇર્ષાને દૂર ધરી આવોરે,
હળીમળી શ્રી નાથ ગુણ ગાવો. આજે.

ધર્મ દયાને ચાલતાં, સદાચાર પાલતાં,
લેશો સંસાર સુખ લ્હાવો.
અધર્મે આથડી કુકર્મો કૂડાં કરી,
નક્કી નરક મહીં જાવોરે. આજે.

किं कुलेन विशालेन विद्याहीनेन देहिनां।
दुष्कुलीनो हि बुधो देवैरपि स पुज्यते ॥१॥

જૂઠી જક ઝાલી મૂર્ખ કરે પાયમાલી,
એવો જ્ઞાતિને દુષ્ટ દમનારો;
હોય સગો ભ્રાત, તાત, તોય તજો ન્યાય કાજ,
અહો ઝટ માર્ગ લાગે સારોરે. આજે.

अहार निद्रा भय मैथुनानि सामान्य मेतत्पशुभि र्नराणाम् ॥
ज्ञानं नराणां मधिको विशेषो, ज्ञानेन हीनाःपशुभिःसमानाः ॥२॥

---

૧. મનુષ્યનું કુળ મોટું હોય, પણ જો તે વિદ્યા હીન હોય, તો તે શા કામનું? નઠારા કુળનો કહેવાતો છતાં પણ જે વિદ્વાન છે, તેની દેવ સરખા પૂજા કરે છે

૨. અહાર, ઉંઘ, ભય, અને મૈથુન એ ચારે વાનાં પશુ તથા માણસમાં સામાન્ય છે; એટલે મનુષ્ય અને પશુએ વિષયમાં તો સરખાં છે પરંતુ મનુષ્યમાં એક જ્ઞાન વિશેષ છે. માટેજ તેને ઉત્તમ ગણ્યો છે જો મનુષ્યમાં જ્ઞાન હોય નહીં તે મનુષ્ય અને પશુ બે સરખાંજ છે.

અવળું સમજાવે, અને મનડું ડગાવે;
એવા અધમોથી કદી ના ઠગાશો,
"રેવાં રસિક સંપ સઘ નહિં કરો તો;
દશ, વીશે, છે જ્ઞાતિ નાશ થાવોરે   આજે.

(ભૈરવી—આ જગમાં જેણે મન જીત્યું તે.)

આ જગમાં જનમી જાતિ સુધારી, જીવ્યો તેજ જણાય
ધનિ, નિર્ધની, કુલવાન અકુલિન તદપિ શ્રેષ્ઠ ગણાય...આ.
હું મોટો હું મોટો કરતાં મોટાઇથીજ હણાય;
પર ઉપકાર ધરે નહિં ધ્યાને, અંતે યમપુર જાય.......આ.
વિદ્યા વિણુ બહુ બાળ બિચારા, જીવન વ્યર્થ કરાય;
દ્વિજ કુલથી ભ્રષ્ટ થઈને, શૂદ્ર સમાન મનાય.........આ.
દશા, દ્વાદશા બંધ કરી મિષ્ટાને તાળુમરાય;
સીમંતાદિ ક્રૂર રૂઢીએ દીલથી દુષ્ટ તજાય...... ......આ.
બંધ કરી બહુ દુષ્ટ વરાને, રોકડ રકમ ગણાય.
નિજપેટી પેલી ખોલીને, ખનનન ખખડાવાય......આ.
એકલ પેટાં અધુરીયાંથી, જ્ઞાતિ શુભ નવ થાય,
"રેવા" એવા અધમ જનોથી બ્રહ્માપણ મુંઝાય..... આ.

(હશા આશી થઇ મારી.)

બની હુશિઆર સૌચાલો, હિમત હથીઆર કર ઝાલો;
ફરજ મેદાનમાં મ્હાલો, વદો મુખ તે તમે પાળો. બની.

દીઠી તેજ દિશા સુજે, ઓછી અક્કલે આમ;
વિદ્યા ભણી વહેપારની. હામન ધરે હજામ.
તમે તેવી મતિ ટાળો સુમારગ સત્ય સંભળો. બની.

તરત ન માને મૂરખો, પામે પિડા પ્રચંડ;
ખાય ડુંગળી ખાસડાં, દે પછી પૂરો દંડ.
નયન ઉઘાડી નિહાળો, કુબુદ્ધિને તમે ટાળો બની.

અપજશ પણ શુભ કામનો, અપજશ નહિં ઉજાસ;
અક્ષરમાં સૌ શુભ ગણે, કાજળની કાળાશ.
કરી યાહોમ કરઝાલો, ભલી નીતિ તણો ભાલો. બની.

ગણે નહીં ગંભીર જન, દુર્જન તણો અવાજ,
શ્વાન ભસે તો સામટાં, ગણે નહીં ગજરાજ.
ધરી દ્રઢતા તણી ઢાલો, આતમધન ભોગને આલો. બની.

વેર પરસ્પર નાતમાં, રાખે હલકી જાત,
શ્વાન જાયજો કાશિયે, નડશે વચમાં નાત.
"રેવાશંકર" વિજય બ્હાલો, અર્પશે એ હેરિ હાલો. બની.

(હમ ગુનેગારોપે તેરી મહેરબાની.)

ઇર્ષાને અળગી કરો તમે, આગેવાનો ન્યાતના, ઇર્ષા
સંપ જંપનાં મુળ જમાવો, કાપો કુધારા પાછલા. ઇર્ષા
ઐકયતામાં વિઘ્ન નાખો, બીજ બોવા પાપનાં. ઇર્ષા
કમળાવાળો પીળું દેખે, પણ તપાસો આપમાં. ઇર્ષા
ઘુવડને ગમતો નથી રવિ, નયન ન્યાળે રાતમાં. ઇર્ષા
શઠ સભા જીતીને આવ્યો, ના કહી સૌ વાતમાં. ઇર્ષા
અંધ પાછળ અંધજાયે, દેખતો નહિં દાબમાં. ઇર્ષા
પ્રેમથી પાળો પળાવો, નિયમો નીજ ન્યાતનાં ઇર્ષા
કર જોડી કહે દાસ "રેવો" આ સ્વિકારો પ્રાર્થના. ઇર્ષા

(જગતમાં તે નરને ધિકકાર એ લય.)

જગતમાં તે નરને ધિકકાર, કરે નહિ જ્ઞાતિ હિત દરકાર;
શ્વાન સમ નિજસ્વારથ કરનાર, પ્રપંચે પૂર્ણ પેટ ભરનાર;
વૃથા જનમી મરેરે અરરરરરર નિર્દય નરક જાનાર....જગત.

કાઢીને કન્યા વિક્રય કાળ, કઢંગા જ્ઞાતિ વરા તત્કાળ;
બાળ લગ્નથી બચાવી બાળ, ભણાવી સુધારે સંસાર.
જગ્ત જન્મ્યો ખરોરે અરરરરરર બીજાનું મુજ બાળ....જગત.

સુધારા મધ્ય સળો ઘાલે, મતિકોને અવળી આલે,
હઠે ઉલટે મારગ ચાલે, તડો પાડીને મન મ્હાલે,
તરત તેને તજોરે, અરરરરરર "રેવા સત્ય વિચાર....જગત.

સર્વ મળી કાપો જ્ઞાતિના કુધારા,
બુદ્ધિથી વધ;રો સુધારા.
પ્રેત ભોજનને પ્રીતિથી ત્યાગો,
આસ રૂધીરના મુખે ન માગો;
હાય હાયનાં ઉનાં અશ્રુવાળા......બુદ્ધિથી
પાપ ભોજન સીમંતનુ ગણતાં,
લાજ નથી કાંઈ લાગતી ગળતાં,
ઘણા ઘીના ઉડે જ્યાં ફુવારા..........બુદ્ધિથી
ધર્મ ક્રિયાને દૂર ધરીને,
વહેવાર બે વાર સત્ય કરીને,
રડશે પછી થી રૂવાળા...............બુધ્ધિ
વિવાહ વાજનમાં ખર્ચ કરે છે,
પરમારથમાં દેતાં મરે છે,
રેવા જડશે જમ કેરા કુહાડા..........બુદ્ધિથી.

સમાપ્ત.



જ્ઞાતિના વાડા તોડી, ને ચાર્યું ચાર મનાવો; બ્રહ્મચર્ય પોષી ગૃહસ્થાશ્રમ દીપાવો;
અભિમાન ક્લેશ ઈર્ષા, અનીતિ તમે હઠાવો, નિજ માતૃભૂમિકેરા, પક્કા પૂજારી થાવો.